આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૧૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ-સુરત મેમુ ટ્રેનને રેલવે મંત્રાલયની મંજૂરી

**ડુંગરી, બીલીમોરા, અમલસાડ, નવસારીના હજારો દૈનિક મુસાફરો અને નોકરીયાતો માટે ઉપયોગી નિવડશે : સી.આર. પાટીલ, ભુરાભાઈ શાહની રજુઆત રંગ લાવી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૩ :** દક્ષિણ ગુજરાતના મુસાફરોની લાંબા સમયની માંગણીને ધ્યાને રાખીને રેલવે મંત્રાલય દ્વારા ટ્રેન નંબર ૬૯૧૪૯ વલસાડ-સુરત મેમુ ટ્રેન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા નવસારીના સાંસદ સી. આર. પાટીલ અને નવસારી જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાભાઈ શાહની આગેવાની હેઠળના પ્રતિનિધિ મંડળે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ રૂબરૂ રજૂઆત કરી મુસાફરોની હાલાકીથી વાકેફ કર્યા હતા, જેને પગલે મંત્રાલયે ત્વરિત મંજૂરીની મહોર લગાવી છે.

આ મેમુ ટ્રેન શરૂ થવાથી નવસારી, બિલીમોરા અને અમલસાડ વિસ્તારમાંથી સુરત તરફ નિયમિત અપ-ડાઉન કરતા હજારો નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને નાના વેપારીઓને સુગમ તેમજ સસ્તી મુસાફરીનો સીધો લાભ મળશે.

રેલવે વિભાગ દ્વારા જરૂરી વહીવટી અને તકનીકી પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ આગામી દિવસોમાં આ સેવા વિધિવત પાટા પર દોડતી થશે. પ્રજાહિતના આ નિર્ણય બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સાંસદ સી. આર. પાટીલ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સહિતના આગેવાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## વાપીમાં કંડકટરની આપઘાતની ધમકી સામે પોલીસ ફરિયાદ

**સોશિયલ મિડીયામાં ધમકીનો વિડીયો વાયરલ કરતાં વાપી ડેપોના અધિકારીઓ પોલીસના દરવાજે પહોચ્યા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી એસટી ડેપોના કંડક્ટર દ્વારા સોશિયલ મીડિયામાં આપઘાતની ધમકી સાથે વીડિયો વાયરલ કરી અધિકારીઓને બદનામ કરવાના મામલે વાપી ડેપોના ટ્રાફિક ઈન્સ્પેકટરોએ વાપી ટાઉન પોલીસમાં લેખિત ફરિયાદ આપી છે.

એસટી ટ્રાફિક ઈન્સ્પેકટર અરુણભાઈ એમ. પટેલ સહિત ત્રણ અધિકારીઓએ કરેલી લેખિત ફરિયાદ મુજબ કંડક્ટર કિશોર અર્જુનભાઈ પાટીલ, બેજ નં.૨૩૦૧, રહે. સુરત તા.૨૫/૦૮/૨૦૨૬ થી ગેરહાજર છે અને નશાની આદત ધરાવે છે. તા.૧૯/૦૯/૨૯૨૬ના રોજ તેણે ઈન્સ્ટાગ્રામ-ફેસબુક પર આપઘાત કરશે તેવા વીડિયો મૂકી અધિકારીઓને બદનામ કર્યા છે.

ગત તા.૧૦/૧૦/૨૦૨૫ના રોજ ઉધના બસ સ્ટેશને પણ તેણે ધાંધલ કરી હતી, જે અંગે ફરિયાદ થતા તેની બદલી વાપી કરાઈ હતી. જો તે કોઈ અઘટિત કૃત્ય કરશે તો પોતે જવાબદાર રહેશે તેમ જણાવી કાર્યવાહીની માંગ કરાઈ છે.

## ઉમરસાડીની નદીમાં ગઈકાલે લાપતા થયેલાં બાળકનો મૃતદેહ મળ્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડી તાલુકાના ઉમરસારી માછીવાડ ગામમાં તા. ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ દોઢ વર્ષનો બાળક નદીમાં ડૂબી જતા સમગ્ર માછીવાડ ગામમાં શોખ છવાઈ ગયો છે. દોઢ વર્ષના બાળકની શોધખોળ નદીમાં સતત રાત દિવસ તરવૈયાઓ એ કરતા આજે તા. ૨૩મી સપ્ટેમ્બરના રોજ સવારે બાળક મળી આવ્યો હતો. ઉમરસાડી માછીવાડના માછીમાર સમાજ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ભાદરવી અમાસ પર માછીમારી શરૂ કરતા પહેલાં ધાર્મિક વિધિ કરવામાં આવે છે. મંગળવારે સવારે મોરી ફળિયાના ભક્તજનો લાલજી મહારાજની મૂર્તિને બોટ દ્વારા દરિયામાં સ્નાન કરાવવા લઈ જવામાં આવી રહી હતી. આ દરમિયાન અચાનક બોટના પંખામાં માછીમારીની જાળનું દોરડું ફસાઈ ગયું હતું, જેના કારણે બોટનું સંતુલન બગડ્યું અને તે પલટી ગઈ હતી. બોટ પલટી તે સમયે દાદીના ખોળામાં બેઠેલું અંદાજે દોઢ વર્ષનું બાળક મોક્ષાર્થ અજય ટંડેલ પાણીમાં સરકી ગયું અને ઊંડા પાણીમાં ડૂબી ગયું હતું બોટમાં સવાર અન્ય લોકોને સ્થાનિક માછીમારોએ સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. ઘટનાની જાણ થતાં જ પારડી પોલીસના પી.આઈ વાય. બી. ગોહિલની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વહેલી સવારના બાળકની લાશ મળ્યા બાદ તાત્કાલિક એનું પીએમ કરાવીને પરિવારજનોને બાળકનો મૃતદેહ પારડી પોલીસે સુપ્રત કરી દીધો કરી હતો.

જિલ્લા પંચાયત સદસ્ય પ્રજ્ઞેશભાઈ પટેલની ટીમ સાથે સરપંચ ખુશ્બુબેન ટંડેલની ટીમ અને ચંદ્રપુર લાઈફ સેવર ગ્રુપના પ્રમુખ જીગ્નેશભાઈ માંગેલા, તરવૈયાઓની સંપૂર્ણ ટીમ તથા ઉમરસાડી માછીવાડના તરવૈયાઓ તાત્કાલિક દરિયાકિનારે દોડી આવ્યા હતા. અને રેસ્ક્યુમાં જરૂરી મદદ કરી હતી. તરવૈયાઓની ટીમે રાત દિવસ શોધ ખોળ કરી બાળકને શોધી કાઢ્યો હતો અચાનક બાળકના દરિયામાં પડી જવાના મોતના લીધે સમગ્ર ઉમરસાડી પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને પરિવારજનોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના એડિ. સેક્રેટરી અને મિશન ડાયરેક્ટર થીડીની મુલાકાતે

**નમો હોસ્પિટલ સહિત વિવિધ આરોગ્ય સેવાઓની સમીક્ષા કરી**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૩ :** ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના વધારાના સચિવ તથા રાષ્ટ્રીય આરોગ્ય મિશનના મિશન ડાયરેક્ટર શ્રીમતી આરાધના પટનાયક, IAS એ સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન તેમણે સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલ સાથે મુલાકાત કરી અને આરોગ્ય ક્ષેત્રમાં ચાલી રહેલી વિવિધ યોજનાઓ તથા કાર્યક્રમોની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી. તેમણે પ્રશાસકના સલાહકાર સાથે પણ આરોગ્ય સેવાઓના સશક્તિકરણ, રાષ્ટ્રીય આરોગ્ય મિશનના કાર્યક્રમો અને આરોગ્ય માળખાના વિકાસ અંગે ચર્ચા કરી હતી. દમણમાં આરાધના પટનાયકે નમો હોસ્પિટલનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન હોસ્પિટલની તબીબી માળખાકીય સુવિધાઓ, ડિજિટલ હેલ્થ સેવાઓ, આભા કાર્ડ અને ઓનલાઈન OPD, બિન-ચેપી રોગો (NCD) તથા કેન્સર સ્ક્રીનિંગ, ફત્ષ્મમાં ઉપલબ્ધ સુવિધાઓ તેમજ નવજાત શિશુઓની સારવાર અને સંભાળની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ DEICની કામગીરી અને NQAS મુજબની વ્યવસ્થાઓનું પણ નિરીક્ષણ કરાયું હતું.

ત્યારબાદ તેમણે જુમ્પ્રિમ આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત લઈ CHO, ANM અને આશા કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો. અહીં પ્રાથમિક આરોગ્ય સેવાઓ, માતા-શિશુ આરોગ્ય, NCD સ્ક્રીનિંગ, ડિજિટલ આરોગ્ય સેવાઓ અને વિવિધ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોના અમલીકરણની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત દમણમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન હેઠળના કાર્યક્રમોની પ્રગતિ, આરોગ્ય સેવાઓની ગુણવત્તા, ડિજિટલ હેલ્થ પહેલ તથા પ્રાથમિક અને દ્વિતીયક આરોગ્ય સેવાઓને વધુ અસરકારક બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મુલાકાતના આગળના તબક્કામાં શ્રીમતી આરાધના પટનાયકે નરોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા નમો મેડિકલ કોલેજ અને નમો હોસ્પિટલ, દાદરા અને નગર હવેલીની પણ મુલાકાત લીધી હતી. સમગ્ર પ્રવાસનો મુખ્ય હેતુ સંઘ પ્રદેશમાં આરોગ્ય સેવાઓની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન, આરોગ્ય માળખાને વધુ મજબૂત બનાવવું, ડિજિટલ આરોગ્ય પહેલને પ્રોત્સાહન આપવું અને રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોની ગુણવત્તા સુનિશ્ચિત કરવાનો હતો.

## નમો મેડિકલ કોલેજમાં ૩૭ બેઠકોના કોટા ફેરફાર સામે કોંગ્રેસે તપાસ માંગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૩ :** નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માટે એમ બી બી એસ બેઠકોની ફાળવણીમાં થયેલા ફેરફારને લઈને પ્રદેશ કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રભુ ટોકિયા દ્વારા જારી કરાયેલા પ્રેસનોટમાં આક્ષેપ કરાયો છે કે કુલ ૧૭૭ બેઠકોમાંથી ૩૭ બેઠકો એન આર આઈ અને મેનેજમેન્ટ કોટામાં મૂકાતા સ્થાનિક ખાસ કરીને એસસી / એસટી વિદ્યાર્થીઓની તકો પર અસર થશે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ ગત વર્ષે DNH માટે ૬૩અને દમણ-દીવ માટે ૬૨ બેઠકો હતી અને NRI કોટા દર્શાવાયો ન હતો, જ્યારે આ વર્ષે DNH-55, દમણ-દીવ-૫૫ અને NRI/મેનેજમેન્ટ-૨૨ બતાવાયું છે. આ ફેરફાર અંગે કોઈ ગેઝેટ નોટિફિકેશન ન હોવાનો અને EWS કોટા લાગુ કરવાના આધાર અંગે સ્પષ્ટતા માંગી છે.

કોંગ્રેસે રૂ.૧૦૦ કરોડના કથિત ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે, જોકે પ્રેસનોટમાં તેના સમર્થનમાં કોઈ સ્વતંત્ર પુરાવો રજૂ કરાયો નથી. પાર્ટીએ રાષ્ટ્રપતિ અને ST પંચને જાણ કરી તપાસ, પ્રવેશ પર રોક અને NMC આદેશો જાહેર કરવાની માંગ કરી છે, નહીંતર ૨૯ સપ્ટેમ્બરે આંદોલનની ચીમકી આપી છે.

## હનુમતમાળ આઉટપોસ્ટને ઈમરજન્સી વ્હીકલની ફાળવણી

**અંતરિયાળ ૩૯ ગામોમાં ઈમરજન્સી સમયે પોલીસની ઝડપી પહોંચ સરળ બનશે**



**ધરમપુર, તા. ૨૩ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ અને મહારાષ્ટ્ર સરહદ નજીકના હનમતમાળ પોલીસ આઉટપોસ્ટને ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત પોલીસ વાહન ફાળવવામાં આવ્યું છે. આ વાહનથી આઉટપોસ્ટના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ૩૯ ગામોમાં કાયદો-વ્યવસ્થા તેમજ ઈમરજન્સીની સ્થિતિમાં પોલીસની ઝડપી પહોંચ સરળ બનશે. બુધવારે પારસપાડા ખાતે ૧૧૨ પોલીસ વાહનનું આગમન થતાં ગ્રામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સરપંચ વિજયભાઈ માહલાએ ફુલહાર પહેરાવી, શ્રીફળ વધેરી અને મીઠું મોઢું કરાવી વાહનનું સ્વાગત કર્યું હતું. હનમતમાળ વિસ્તાર અંતરિયાળ હોવાથી અગાઉ ઈમરજન્સીના સમયે પોલીસ પહોંચવામાં સમય લાગતો હતો. હવે ૧૧૨ વાહન ઉપલબ્ધ થતાં આશરે ૧૦થી ૨૦ કિ.મી.ના અંતરે આવેલા ગામોમાં પોલીસ સહાય વધુ ઝડપથી મળી શકશે. પ્રસંગે સામાજિક કાર્યકરો, તાલુકા પંચાયતના સભ્યો, VCE સહિત સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ ૧૧૨ વાહન ફાળવવા બદલ PI ભોયા સહિત પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ડુંગરામાં જૂની અદાવતમાં ચાર શખ્સોનો ધારદાર હથિયારો વડે હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** ડુંગરા સાયરા નગર, ગારમેન્ટ ઝોનની બાજુમાં નહેર પાસે તા.૨૧/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે ૯ થી ૧૦:૩૦ વાગ્યા દરમિયાન ચાર શખ્સોએ એકબીજાની મદદગારી કરી અંગત અદાવત રાખી આતંક મચાવ્યો હતો.

ફરિયાદી દશરથભાઈ પ્રભુભાઈ પટેલ, રહે. ડુંગરા દેવજી ફળિયાએ જણાવ્યા મુજબ આરોપીઓ રાહુલ સિંગ રહે. દાદરા મોરા, રૂપેશસિંગ, અંકુરસિંગ રહે. ડુંગરા કોલોની, સૌરભ લાલમની મોર્યા રહે. ડુંગરા, સાયરાનગરએ બોલાચાલી કરી ઝઘડો કરી જેમ ફાવે તેમ ગાળો આપી હતી.

આરોપી રાહુલસીંગે થાર કાર નં. DD-01-C-8030 લઈ આવી સચીન અરવિંદભાઈ પટેલને ડાબા હાથમાં કોણીના નીચે મોઢાથી બટકુ ભર્યું અને હાથમાં રહેલો છરો કિરણ ગુમન આહિર નામે પકડી લેતા હાથમાં વાગી ગયેલ. બંટુ અરવિંદભાઈને પગના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ડુંગરા પોલીસે રાહુલ સીંગ, રૂપેશ સીંગ, અંકુર સીંગ અને સૌરભ મોર્યા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સેલવાસનો બુટલેગર પાસા હેઠળ જેલભેગો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વલસાડ જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવવા અને પ્રોહીની બદી નેસ્ત નાબૂદ કરવા પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. સંઘ પ્રદેશ સેલવાસ ખાતેથી ગુજરાતમાં મોટા પાયે ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરતા પ્રોહી બુટલેગર પ્રદિપકુમાર હરીસિંહ મોહનસિંહ સોલંકી, રહે. નરોલી બોરીગામ રોડ ઓરીયન વિલા બંગલો નં. સી/૦૧, દાદરા નગર હવેલી તાબે સેલવાસ ને પાસા હેઠળ અટકાયત કરી જીલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી અપાયો છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ (IPS)ના માર્ગદર્શન અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS) ની સૂચના મુજબ LCB વલસાડે કાર્યવાહી કરી હતી. આરોપી વિરુદ્ધ પારડી, ડુંગરી અને ભિલાડ પોલીસ મથકમાં પ્રોહીના ત્રણ ગુના નોંધાયા હતા, જેમાં ૧૫,૫૪૨ બોટલ કિ.રૂ. ૩૪,૫૯, ૦૮૦, ૮,૮૭૬ બોટલ કિ.રૂ.૩૫,૦૬,૧૫૦ અને ૮,૨૩૨ બોટલ કિ.રૂ.૧૨, ૧૭,૮૫૫ નો મુદ્દામાલ જપ્ત થયો હતો. તેના વિરુદ્ધ પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ નિતિન સાંગવાનને મોકલતા તેમણે મંજૂર કરી પાસાનો હુકમ કર્યો હતો.

## ડાંગના સાધ્વી યશોદા દીદીને વડોદરામાં 'પુણ્યશ્લોક અહલ્યાબાઈ પુરસ્કાર'





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**સાપુતારા, તા. ૨૩ :** નારાયણી સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત 'પુણ્યશ્લોક અહલ્યાબાઈ પુરસ્કાર'થી ડાંગ જિલ્લાના વૈદેહી સંસ્કાર ધામના સાધ્વી યશોદા દીદીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન વડોદરાની રાજમાતા તથા એમ.એસ. યુનિવર્સિટીના કુલાધિપતિના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. સાધ્વી યશોદા દીદીએ પોતાના જીવનમાં સેવા, સંસ્કાર અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓને કેન્દ્રસ્થાને રાખી સમાજ માટે વિવિધ કાર્યો કર્યા છે. આ પુરસ્કાર માત્ર એક એવોર્ડ નહીં, પરંતુ સાધ્વી યશોદા દીદીના સંઘર્ષ, સેવા, સમર્પણ અને સંસ્કારને સમાજ તરફથી આપવામાં આવેલ આત્મીય સન્માન હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું. 'પુણ્યશ્લોક અહલ્યાબાઈ પુરસ્કાર' જેવા પ્રેરણાદાયી કાર્યક્રમના આયોજન બદલ નારાયણી સેવા ટ્રસ્ટને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.






# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા



ખામોશ ગૃપ, સ્વાત્વિક યુવક મંડળ, બીલીમોરા


બીવાયજીએમ ગૃપ, વાંકા મહોલ્લા, બીલીમોરા



રાજાઓ કા રાજા, આર ઝોન ગૃપ, કાંકરા ખાડી, બીલમોરા


પંચવટીકા રાજા શ્રી ગજાનંદ યુવક મંડળ, બીલીમોરા



નાંદરખા વનઝારી ફળિયા, ગણદેવી

## ચારણવાડમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૩ :** વાંસદા તાલુકાના ચારણવાડા ગામે આજ રોજ ચારણવાડા ગામ ખાતે સેવા સેતુ કેમ્પમાં ઉપસ્થિત રહી કાર્યક્રમનું ઉદઘાટન કર્યું. સરકારની વિવિધ જનકલ્યાણકારી સેવા ઓ અને યોજનાઓનો લાભ વધુ માં વધુ લાભાર્થી ઓ સુધી સરળતાથી પહોંચે તેમજ કોઈ પણ કોઈ પણ લાભાર્થી સરકારી યોજનાના લાભથી વંચિત ન રહે તેવા હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ અજય ભાઈ ગામીત, તાલુકા પંચાયત સદસ્ય જયનાબેન કિરણ ભાઈ પટેલ,ચરણવાડા ગામ ના સરપંચ મહેશભાઈ કડવા, નાની ભમતી ગામ ના સરપંચ જીતુભાઈ પટેલ, હનુમાનબારી ના સરપંચ રાકેશ ભાઈ પટેલ, હાઈન ગામીત, નાયબ મામલતદાર, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ અને આસપાસ ના ગામોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા લાભાર્થીઓ, વડીલો, ભાઈઓ તથા બહેનોએ હાજરી આપી હતી.

## ઉનાઈમાં મેગા સર્વરોગ સારવાર કેમ્પ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૩ :** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામક-ગાંધીનગરની પ્રેરણાથી, જિલ્લા આયુર્વેદ અધિકારી નવસારી- વૈદ્ય કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ સરપંચ રાજેશભાઈ પટેલ - સિંણધઈ નાં સહયોગથી શ્રી સત્સંગ હોલ -ખાતે આયુર્વેદ શાખા - નવસારી દ્વારા તા. ૨૧/૦૯/૨૦૨૬ સોમવાર ના રોજ મેગા સર્વરોગ આયુર્વેદ અને હોમીયોપેથી નિદાન સારવાર કેમ્પ નું આયોજન થયું. મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી, પ્રા. શાળા સિંણધઈની વિદ્યાર્થીનીઓ દ્વારા સુંદર પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું.

જિ. આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી, આયુષ મેગા કેમ્પ અને આયુષ શાખાની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. કેમ્પમાં જિ.પં. નવસારી ઉપપ્રમુખ અર્જુનભાઈ પટેલ, વાંસદા તા. પં.ના કારોબારી સમિતિના અધ્યક્ષ પ્રશાંતભાઈ પટેલ, તા. પં. સભ્ય ટ્વિંકલબેન પટેલ, સરપંચ રાજેશભાઈ પટેલ, સત્સંગ હોલના ટ્રસ્ટી વૈભવભાઈ પટેલ અને પ્રા. શાળા સિંણધઈના આચાર્ય વિપુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, કારોબારીના અધ્યક્ષ પ્રશાંતભાઈ પટેલ દ્વારા આયુષ મેગા કેમ્પનો બહોળા પ્રમાણમાં લોકો લાભ લે અને જાહેર જનતા આયુર્વેદ તરફ વળે તે માટે અપીલ કરી,આયુર્વેદ શાખા અને જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય.કાજલબેન મઢીકરની કામગીરી બીરદાવામાં આવી તેમજ સાંપ્રત સમયમાં આયુર્વેદનું મહત્વ અને આયુર્વેદ જીવનશૈલી અપનાવવાથી લાંબા સમય સુધી નિરોગી જીવન વિતાવી શકાય અને દરેક રોગોમાં આયુર્વેદ ઔષધીઓ દ્વારા ખૂબ જ સારા પરિણામ મળે છે તેવું જણાવ્યું. સરપંચ રાજેશભાઈ પટેલ, ગ્રામ પંચાયત - સિંણધઈ દ્વારા ગામના લોકોએ આ આયુષ મેગા કેમ્પનો સારો લાભ લીધો હતો. વૈદ્ય. રજનીકાંત મોદી મેડિ. ઓફિસર - ભીનાર દ્વારા અંતમાં આભારવિધિ કરી મેગા કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

## બીલીમોરા 'લાલબાગ ચા રાજા'ના સેવક જયેશ પારેખનું વિશેષ સન્માન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૩ :** શહેરમાં ગણેશોત્સવ દરમિયાન શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક સેવા આપતા અગ્રણી સેવકોની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે. 'ફ્રેન્ડ્સ ગ્રુપ ઓફ બીલીમોરા' દ્વારા આયોજિત પ્રસિદ્ધ 'લાલબાગ ચા રાજા'ના પંડાલમાં છેલ્લા સાત વર્ષથી સતત ખડેપગે રહી નિઃસ્વાર્થ સેવા આપનાર જયેશ પારેખનું મંડળ દ્વારા ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.



ગણેશ પંડાલ ખાતે આયોજિત સમારોહમાં મંડળના અગ્રણીઓ સુરેશ ધીવર, પ્રદીપ ધીવર, ભાવિન મિસ્ત્રી તેમજ પરિમલ ધીવર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત અગ્રણીઓએ જયેશ પારેખને 'લાલબાગ ચા રાજા'ની સ્મૃતિભેટ સ્વરૂપે સુંદર તસવીર અર્પણ કરી હતી અને ઉપસ્થિત ભક્તોએ તાળીઓના ગડગડાટ સાથે તેમની સેવાકીય ભાવનાને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, જયેશ પારેખ માત્ર ગણેશોત્સવ જ નહીં, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી બીલીમોરા સ્થિત ઐતિહાસિક શ્રી દ્વારકાધીશ મંદિર સાથે પણ સંકળાયેલા રહી વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે.

## રૂપવેલમાં 'આદર્શ ગ્રામ સભા' યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**નવસારી, તા. ૨૩ :** પીએમશ્રી સ્કૂલ, જવાહર નવોદય વિદ્યાલય, રૂપવેલ ખાતે વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયતની કામગીરી, લોકશાહી પ્રક્રિયા અને નાગરિક જવાબદારીનો વ્યવહારુ પરિચય મળે તે હેતુથી આદર્શ ગ્રામ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટર, તાલુકા વિકાસ અધિકારી (TDO), તલાટી-કમ-મંત્રી, સરપંચ તથા ગ્રામ પંચાયતના સભ્યો સહિતની વિવિધ જવાબદારીઓ સંભાળી ગ્રામસભાની કાર્યવાહીનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ગામના વિકાસને લગતા પ્રશ્નો રજૂ કરી તેના પર ચર્ચા પણ કરવામાં આવી હતી.ગ્રામસભા દરમિયાન વિકાસ, સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા, પર્યાવરણ, સરકારી યોજનાઓ તેમજ ગ્રામજનોની સમસ્યાઓ જેવા વિવિધ મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લઈ પ્રશ્નો રજૂ કર્યા તથા ચર્ચા દ્વારા ઉકેલ તરફ આગળ વધવાની પ્રક્રિયાને સમજવાનો પ્રયાસ કર્યો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપરાંત રૂપવેલ ગામના સરપંચ મિતેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના સભ્ય અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયતની કામગીરી, સામૂહિક નિર્ણય પ્રક્રિયા, લોકશાહી મૂલ્યો તથા નાગરિકોની જવાબદારી અંગે વ્યવહારુ સમજ પ્રાપ્ત થઈ હતી.

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.agt@gmail.com

## બીલીમોરામાં નાટ્યાત્મક ઝાંખી આકર્ષણનું કેન્દ્ર બની

**શ્રી ગણેશ મહાદેવ નવયુવક મંડળ દ્વારા ગણેશોત્સવમાં પૌરાણિક કથા આધારિત ભક્ત પ્રહલાદ અને ભગવાન નરસિંહ અવતારની જીવંત તથા આબેહૂબ નાટ્યાત્મક ઝાંખીનું વિશેષ આયોજન**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૩ :** બીલીમોરાના બંદર રોડ સ્થિત પટેલ ફળિયા ખાતે બિરાજમાન શ્રી ગણેશ મહાદેવ નવયુવક મંડળ દ્વારા દર વર્ષની પરંપરાને જાળવી રાખી આ વર્ષે પણ ગણેશોત્સવમાં પૌરાણિક કથા આધારિત ભક્ત પ્રહલાદ અને ભગવાન નરસિંહ અવતારની જીવંત તથા આબેહૂબ નાટ્યાત્મક ઝાંખીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભવ્ય લાઈટિંગ, સચોટ સંવાદો અને અદભુત કલાત્મક અભિનય સાથે પ્રસ્તુત થનારી આ પ્રસ્તુતિને સફળ બનાવવા માટે મંડળના સભ્યો તેમજ સ્થાનિક યુવાનો દિવસ-રાત ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

ધર્મ અને ભક્તિના આ અનોખા સંગમ સમી ઝાંખીને નિહાળવા તેમજ બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે બીલીમોરા શહેર તથા આસપાસના સમગ્ર પંથકના ધમપ્રેમી ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેને લઈને શ્રી ગણેશ મહાદેવ નવયુવક મંડળ દ્વારા જાહેર જનતાને દર્શનાર્થે પધારવા અને ધાર્મિક પ્રસ્તુતિ નિહાળવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ડાંગ પોલીસે સુરતના વ્યકિતને વાંસદાથી શોધી પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૩ :** ડાંગ જિલ્લાનાં ઉગા ચીંચપાડા ગામની એક મહિલાએ પોતાના પતિ ગુમ થયા અંગે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ સમક્ષ મદદની ગુહાર લગાવી હતી. આ સાથે સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર મારફતે પણ અધૂરી માહિતીવાળો વિડીયો વાયરલ થયો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના સીધા માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.એ.એ. ચાવડાની ટીમ અને લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB)નાં પી.એસ.આઈ. જે.જી. અનડકટ દ્વારા તેઓની અલગ-અલગ ટીમો બનાવી ત્વરિત તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસની ટીમે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરતા માલૂમ પડ્યુ હતુ કે, ગુમ થનાર યુવક સુરત ખાતે એક કંપનીમાં કામ કરતો હતો અને કામ અર્થે આબુ તથા પાલનપુર તરફ ગયો હતો.આ દરમિયાન તેઓ બીમાર હોય તેમજ આર્થિક અને પારિવારિક ટેન્શનના કારણે પોતાનો મોબાઈલ સ્વિચ ઓફ કરી કોઈને પણ જાણ કર્યા વગર ટ્રેનમાં બેસી દિલ્હી તરફ જતા રહ્યા હતા. તપાસ દરમિયાન તેઓ ટ્રેન મારફતે નવસારી તરફ આવી રહ્યા હોવાની ચોક્કસ હકીકત મળતા, પોલીસે સુરત અને નવસારી જિલ્લામાં વિવિધ ટીમો બનાવી રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેશનો પર સઘન તપાસ શરૂ કરી હતી.ગણતરીના કલાકોમાં જ વઘઈ પોલીસ અને LCB ની ટીમે યુવકને નવસારી જિલ્લાના વાંસદા બસ સ્ટેશન ખાતેથી સુરક્ષિત રીતે શોધી કાઢ્યો હતો. ત્યારબાદ તેમને ભોજન તથા જરૂરી દવા-સારવાર પૂરી પાડી વઘઈ પોલીસ સ્ટેશન ખાતે લાવીને યોગ્ય કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ હતું.




'ઓપરેશન મિલાપ' અંતર્ગત યુવકનું તેમના પરિજનો સાથે સુખદ પુનઃમિલન કરાવવામાં આવ્યુ હતુ. ડાંગ પોલીસની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરીથી ખુશ થઈને જિલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર ગ્રુપના સભ્યોએ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે રૂબરૂ આવીને પોલીસ ટીમનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ડાંગ પોલીસ દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે, સોશિયલ મીડિયા પર અધૂરી કે ગેરમાર્ગે દોરતી માહિતી અથવા રીલ્સ વાયરલ કરવાને બદલે સાચી માહિતીની ખરાઈ કરીને પોલીસનો સંપર્ક કરવો જેથી પ્રજા અને પોલીસ બંનેને મદદરૂપ થઈ શકાય.

## બીલીમોરા પીએમ શ્રી કન્યા શાળામાં સલાડ મેકિંગ સ્પર્ધા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૩ :** ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કુપોષણ તેમજ એનેમિયાના નિવારણ અર્થે ચાલતા દેશવ્યાપી 'પોષણ માસ' જન આંદોલન અંતર્ગત બીલીમોરા સ્થિત પીએમ શ્રી કન્યા શાળા ખાતે સલાડ મેકિંગ સ્પર્ધાનું સુંદર આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં શાળાની ૮૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈને વિવિધ પૌષ્ટિક શાકભાજી



અને ફળોમાંથી આકર્ષક સલાડ તૈયાર કર્યા હતા. આ તબક્કે શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને સ્વાસ્થ્ય માટે સલાડનું મહત્વ અને તેનાથી થતા પોષક ફાયદાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર શ્રેષ્ઠ પાંચ વિદ્યાર્થીનીઓને વિજેતા જાહેર કરી સંસ્થા તરફથી પ્રોત્સાહક ઈનામો એનાયત કરી બિરદાવવામાં આવી હતી.

## ડાંગ જિ.પં.ના પ્રમુખ લોકાભિમુખ કામગીરીથી લોકપ્રિય બન્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૩ :** ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રાજેશભાઈ ગામીતે જવાબદારી સંભાળ્યા બાદ ટૂંકા સમયગાળામાં જ તેમની લોકાભિમુખ કામગીરીને કારણે લોકોમાં આગવી ઓળખ ઊભી કરી છે. જિલ્લાના અંતરિયાળ ગામડાઓ સુધીના લોકોની સમસ્યાઓને પ્રાથમિકતા આપી તેના નિવારણ માટે તત્પર રહેવાની તેમની કામગીરીને પગલે વિવિધ સમાજના લોકોમાં તેમની લોકપ્રિયતા વધી રહી



હોવાનું જોવા મળી રહ્યું છે. ડાંગ જેવા ભૌગોલિક રીતે દુર્ગમ અને અંતરિયાળ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોની સમસ્યાઓનું નિરાકરણ કરવું પડકારરૂપ છે. આવા સંજોગોમાં ગામે-ગામ લોકો સુધી પહોંચીને તેમની મુશ્કેલીઓ જાણવાની અને શક્ય તેટલી ઝડપથી તેના ઉકેલ માટે કાર્યવાહી કરવાની અભિગમને કારણે જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે રાજેશભાઈ ગામીતે પોતાની અલગ છાપ ઉભી કરી છે. પરિણામે વિવિધ સમાજના લોકોમાં પણ રાજેશભાઈ ગામીત પ્રત્યે વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સત્તાની જવાબદારી સાથે લોકોની અપેક્ષાઓને સમજવાની અને સામાન્ય નાગરિકના પ્રશ્નને પોતાની જવાબદારી માનીને તેના નિરાકરણ માટે તંત્ર સાથે સંકલન કરવાની તેમની કાર્યશૈલીને કારણે તેઓ ટૂંકા ગાળામાં જ લોકોના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી રહ્યા હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે.આગામી સમયમાં પણ ડાંગ જિલ્લાના અંતરિયાળ ગામડાંઓની પ્રાથમિક સમસ્યાઓના કાયમી ઉકેલ, વિકાસના કામોમાં પારદર્શિતા અને તમામ વર્ગના લોકો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચે તે દિશામાં જિલ્લા પંચાયત વધુ સક્રિય બને તેવી લોકોની અપેક્ષા છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૪-૦૯-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** ભાદરવો, તેરસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૨ **સૂર્યાસ્ત** ૦૬ :૩૦, **ચંદ્રોદય** - ૦૫:૦૭ **ચંદ્રાસ્ત** - ૦૫:૦૦ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - ઘનિષ્ઠા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે આત્મવિશ્વાસ વધશે અને અટકેલા કામમાં ગતિ આવશે. પરિવારમાં સુખદ વાતાવરણ રહેશે, પરંતુ ઉતાવળથી નિર્ણય ન લેવો.

**વૃષભ (બ, વ, ઉ) :** ાર્થિક બાબતોમાં દિવસ અનુકૂળ રહી શકે છે. કામકાજમાં તમારી મહેનત અને વ્યવહારિક વિચારસરણીનું પરિણામ મળશે.

**મિથુન (ક, ઘ, ચ) :** આજે વાતચીત અને સંપર્કો દ્વારા નવી તક મળી શકે છે.

**કર્ક (ડ, હ) :** આજે મન થોડું ભાવુક રહી શકે છે, તેથી નિર્ણય વિચારપૂર્વક લેવો.

**સિંહ (મ, ટ) :** આજે નેતૃત્વ કરવાની તક મળી શકે છે અને આત્મવિશ્વાસ મજબૂત રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આયોજનબદ્ધ રીતે કામ કરશો તો દિવસ ખૂબ ઉપયોગી બની શકે છે. પૈસાની બાબતમાં બિનજરૂરી ખર્ચ ટાળવો લાભદાયક રહેશે.

**તુલા (ર, ત) :** આજે સંબંધો અને ભાગીદારી સંબંધિત બાબતોમાં સારો સમય રહી શકે છે. કામકાજમાં સહકર્મીઓનો સહયોગ મળશે અને નવી ચર્ચા આગળ વધી શકે છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજે અધૂરાં કામ પૂર્ણ કરવા માટે યોગ્ય દિવસ બની શકે છે.કારકિર્દીમાં ગુપ્ત આયોજન અથવા નવી જવાબદારી પર ધ્યાન આપવું પડશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે નવી બાબતો શીખવાની અને આગળ વધવાની તક મળશે.

**મકર (ખ, જ) :** કામમાં ગંભીરતા અને શિસ્ત રાખવાથી સારા પરિણામ મળી શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે વિચારોમાં નવીનતા રહેશે અને કોઈ નવી યોજના શરૂ કરવાનો વિચાર આવી શકે છે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મનમાં સર્જનાત્મક વિચારો આવશે અને કામમાં રસ વધશે.આર્થિક બાબતોમાં સાવચેતી રાખવી અને મોટા ખર્ચ અંગે વિચાર કરવો.

## દમણ રેડિયો

**102.3 FM**

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૮૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

VAPI PAGE - 03

Thursday 24, September 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES




## વલસાડમાં રખડતા ઢોરોનો વિકટ પ્રશ્ન


### રાત્રે અંધારામાં ઢોરો ન દેખાતાં માર્ગ અકસ્માતની ભીતી : તંત્ર પગલા ભરશે ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૩ : વલસાડ શહેરમાં પશુપાલન કરનારાઓ પોતાના ઢોરને રખડતા છોડી પોષણ કરવામાં ઉપેક્ષા કરે છે. હાલમાં સનાતન ધર્મીઓમાં ઉછાળ આવી રહ્યો હોય તેઓ પણ અન્નદાન કરતા હોય રખડતી ગાયોને પૂરતો ખોરાક મળી રહે છે અને ફાવતી જગ્યાએ આરામ ફરમાવે છે ખાસ કરીને જ્યાં પવન આવતો હોય અને માખી મચ્છર હેરાન ન કરે ત્યાં જમાવડો થાય છે.

દક્ષિણ ગુજરાતના અત્યંત ઉચા રેલવે ઊડાણ પુલના વશિયર છેડે તે જોવા મળે છે. દિવસના તો ઠીક, પણ રાત્રિ સમયે કાળા ઢોર દ્રષ્ટિભેદમાં નજરે ન ચડે તો અકસ્માત થાય છે.

નગરપાલિકા ઢોરોનું નિયંત્રણ કરે તે જરૂરી છે. પશુપાલકો પોતાના ઢોરને શિંગડામાં તથા પાછળના પગમાં રિ ફલેક્ટર ટેપ લગાવે તો રાત્રિમાં વાહન ચાલક તેનાથી સાવચેત થઈ જાય.



વલસાડ ચા ચિંતામણી ડ્રીમલેન્ડની પાછળ,



માઝા મોરિયા ગૃપ, તરીયાવાડના વિઘ્નહર્તા, વલસાડ

## બિલપૂડી રાધાબા વિદ્યાલયમાં દિવ્યાંગ સહાય શિબિર યોજાઈ

### 'નિર્ભરને બનાવીએ સ્વનિર્ભર' અભિયાન અંતર્ગત કૃત્રિમ પગ સહિત વિવિધ સહાયક સાધનોનું વિતરણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૩ :** ધરમપુર તાલુકાના બિલપૂડી ખાતે સુરત માનવ સેવા સંઘ (છાંયડો) દ્વારા નિર્ભરને બનાવીએ સ્વનિર્ભર અભિયાન અંતર્ગત હનુમંતમાળ-બિલપૂડી દિવ્યાંગ સહાય શિબિર યોજાઈ હતી. શ્રી રાધાબા શ્યામલાલ પટેલ વિદ્યાલય ખાતે યોજાયેલી શિબિરમાં અંતરિયાળ વિસ્તારના દિવ્યાંગજનોને કૃત્રિમ પગ સહિત પ્રોસ્થેસિસ કૃત્રિમ અંગો, ઓર્થોસિસ સાધનો, ટ્રાઈસિકલ, વ્હીલચેર, બગલઘોડી, કાનના મશીન સહિતની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ શિબિરનું આયોજન સુરતના નવીનભાઈ અને પ્રાચીબેન દેસાઈના યોગદાનથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાતાશ્રી નવીનભાઈ દેસાઈ તેમજ પ્રાચીબેન દેસાઈ, પ્રકાશભાઈ પટેલ, જેઠમલજી રાઠી અને નંદકિશોરજી રાઠી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ભારતીય શિક્ષણ સેવા ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ ભાવસાર, ટ્રસ્ટી હરેન્દ્રસિંહ રાણા, નીતિનભાઈ ખખ્ખર તેમજ રાધાબા વિદ્યાલયના શિક્ષકો સહિત આગેવાનો અને સેવાભાવી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના માધ્યમથી દિવ્યાંગજનોને જરૂરી સહાયક સાધનો ઉપલબ્ધ કરાવી તેમને સ્વનિર્ભર બનવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

## નારગોલના એડવોકેટની GIC Reમાં પાર્ટ ટાઈમ નોન ઓફિશિયલ ડાયરેક્ટર તરીકે નિમણૂંક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૩ :** મૂળ નારગોલ ગામના માલવણ ફળિયાના રહીશ તેમજ દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ પ્રદેશ ભાજપા લીગલ સેલના પ્રદેશ સહ-સંયોજક એડવોકેટ હિતેશકુમાર કિસ્મતભાઈ ભંડારીની ભારત સરકારના નાણા મંત્રાલયના નાણાકીય સેવા વિભાગ દ્વારા જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (GIC Re) ના બોર્ડમાં પાર્ટ-ટાઈમ નોન-ઓફિશિયલ ડાયરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા તાજેતરમાં જારી કરાયેલા નિમણૂક પત્ર અનુસાર એડવોકેટ હિતેશ કિસ્મતભાઈ ભંડારીની નિમણૂક ત્રણ વર્ષના સમયગાળા માટે



અથવા આગામી આદેશ સુધી, જે પણ વહેલું હોય ત્યાં સુધી કરવામાં આવી છે.

જારી કરાયેલા પત્રમાં પણ તેમના ડાયરેક્ટર મંડળમાં સ્વાગત અને તેમના માર્ગદર્શન અને સલાહની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.પોતાની નિમણૂક બદલ એડવોકેટ હિતેશ ભંડારીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી, સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલ્લભાઈ પટેલજી, ભાજપા પ્રદેશ પ્રભારી દુષ્યંતભાઈ પટેલજી તથા પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાજી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

આજે એડવોકેટ શિહતેશ ભંડારીએ ભાજપા પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયા સાથે પ્રદેશ ભાજપા કાર્યાલયમાં રૂબરૂ મુલાકાત કરી પુષ્પગુચ્છ અર્પણ કર્યું અને આ પ્રસંગે તેમનો આભાર વ્યક્ત કર્યો.

આ પ્રસંગે એડવોકેટ હિતેશ ભંડારીએ જણાવ્યું કે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી આ જવાબદારી તેમના માટે એક મહત્વપૂર્ણ દાયિત્વ છે અને તેઓ પોતાના અનુભવ અને ક્ષમતા દ્વારા GIC Re ના કાર્યોમાં પોતાનું યોગદાન આપવાનો પ્રયાસ કરશે.

## નાની વહીયાળ હાઈ. 'વોક ટુ ગેધર્સ' સ્પર્ધામાં અવ્વલ નંબરે આવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૩ :** સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત તેમજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વલસાડ અને જિલ્લા શિક્ષણાધિકારી, વલસાડ દ્વારા સંચાલિત વલસાડ જિલ્લાની એસ.જી.એફ.આઈ. શાળાકીય અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ એથ્લેટિક્સ સ્પર્ધાઓ તા. ૧૮ અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન એમ.એમ. હાઈસ્કૂલ, ઉમરગામ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં વોક ટુ ગેધર્સ ઉમેદભાઈ દોશી સાર્વજનિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, નાનીવહીયાળ (તા. ધરમપુર) ના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને સમગ્ર જિલ્લામાં શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના ખેલાડીઓએ વિવિધ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં કુલ ૨૧ પ્રથમ ક્રમ, ૫ દ્વિતીય ક્રમ અને ૫ તૃતીય ક્રમ મેળવી જિલ્લા કક્ષાએ સર્વોત્તમ પ્રદર્શન નોંધાવ્યું છે. અન્ડર-૧૭ ભાઈઓ વિભાગમાં ચેતનભાઈ ભરતભાઈ નિશાળે ચક્રફેક, ઉદય ભાવુભાઈ જાદવે ૧૫૦૦ મીટર દોડ, અંકિત શાળીરામ ચૌધરીએ લાંબીકૂદ અને ૪૦૦ મીટર હર્ડલ્સ, પ્રિન્સ જયસુખ બારીયાએ ૩૦૦૦ મીટર દોડ તથા પ્રીતેશ જાદવે વાંસકૂદમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અન્ડર-૧૭ બહેનો વિભાગમાં છાયાબેન અશોકભાઈ બિરારીએ ૩૦૦૦ મીટર અને ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જયારે રોશનીબેન રાજુભાઈ ખાંડવીએ વાંસકૂદ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. અન્ડર-૧૯ ભાઈઓ વિભાગમાં જાદવ સાહિલે લાંગડી ફાળ અને બરછી ફેંક, પાલવા રાહુલે ૩૦૦૦ મીટર દોડ અને ક્રોસ કન્ટ્રી, હર્ષદભાઈ ભરતભાઈ ચૌધરીએ ૫૦૦૦ મીટર જલદચાલ તથા માયકલ બાગુલે વાંસકૂદમાં -થમ સ્થાન મેળવ્યું હતું. અન્ડર-૧૯ બહેનો વિભાગમાં અશ્વિનીબેન ઉમેશભાઈ સવરાએ ૩૦૦૦ મીટર દોડ અને ક્રોસ કન્ટ્રી દોડ, જીનલબેન લક્ષીભાઈ ગાયકવાડે ત્રિપલ જમ્પ અને વાંસકૂદ, તેમજ પ્રિયાંશીબેન ઈશ્વરભાઈ કોદીયાએ ૮૦૦ મીટર અને ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ ઉપરાંત પાંચ સ્પર્ધાઓમાં દ્વિતીય ક્રમ અને પાંચ સ્પર્ધાઓમાં તૃતીય ક્રમ મેળવી ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર ખેલાડીઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય, નાનાપોઢા તાલુકાના પ્રભારી તથા પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય શૈલેશકુમાર આર. પટેલ, દક્ષિણ ગુજરાત પછાત વર્ગ સેવા મંડળ, સુરતના પ્રમુખ નિષિથભાઈ એસ. દેસાઈ, મંત્રી દત્તેશભાઈ ભટ્ટ, સહમંત્રી કાંતાબેન પટેલ, વાલી મંડળના પ્રમુખ દિલીપભાઈ, ઉપપ્રમુખ કમલેશભાઈ પટેલે વિજેતા ખેલાડીઓ, વ્યાયામ શિક્ષિકા અમિતાબેન ગામીત અને ટ્રેનર વિજયકુમાર વાણીને અભિનંદન પાઠવી રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ માટે વિજેતા થવા શુભેચ્છાઓ પાઠવી હતી.

## દમણની પ્રા. શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૨ :** સ્વચ્છતા હી સેવા અભિયાન અને વિકસિત ભારતની થીમ અંતર્ગત દમણની સરકારી પ્રાથમિક મોડલ સ્કૂલ, નાની દમણ તેમજ લોકમાન્ય તિલક અપર પ્રાઈમરી સ્કૂલ, ખારીવાડ ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દમણ નગરપાલિકાના પ્રમુખ દીપિકાબેન ટંડેલના નેતૃત્વ હેઠળ ડીએમસીના કાઉન્સિલરોની ટીમે બંને શાળાઓની મુલાકાત લીધી હતી.

ટીમે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને તેમને સ્વચ્છતા, જાગૃતિ તેમજ વિકસિત ભારતના સંકલ્પ સાથે જોડાવા માટે પ્રેરિત કર્યા હતા.

સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા તેમજ સ્વચ્છ અને વિકસિત ભારતના નિર્માણમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવમાં

## ધરમપુરમાં વિદ્યાર્થીઓને નોટબુક-પેનનું વિતરણ કરાયું







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૩ :** ધરમપુર સ્થિત પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણી ભક્તિ સાથે સામાજિક જાગૃતિના સંદેશ સાથે કરવામાં આવી રહી છે. પર્યાવરણ સંરક્ષણના હેતુથી નાની અને ઈકો-ફ્રેન્ડલી ગણપતિ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે.

ટ્રસ્ટના પ્રમુખ અને સામાજિક કાર્યકર ઋષિત મસરાણીના માર્ગદર્શન હેઠળ બાપાના દર્શને આવતા વિદ્યાર્થીઓને પ્રસાદરૂપે નોટબુક અને પેનનું વિતરણ કરવામાં આવે છે. જ્ઞાનથી મોટો કોઈ પ્રસાદ નથીના વિચાર સાથે અત્યાર સુધીમાં આશરે ૨,૦૦૦ વિદ્યાર્થીઓને નોટબુક-પેન આપવામાં આવ્યા છે. ગણેશ મહોત્સવ દરમિયાન માસિક ધર્મ અને વ્યક્તિગત સ્વચ્છતા, બાળલગ્ન નિવારણ તથા મહિલા અને કિશોરીઓને લગતા સામાજિક વિષયો પર જાગૃતિ પ્રદર્શન પણ યોજાયું છે. ખાસ કરીને સમાજના વંચિત બાળકો દ્વારા આયોજિત આ મહોત્સવમાં મહિલા સશક્તિકરણનો સંદેશ પણ આપવામાં આવી રહ્યો છે.

## વલસાડ શ્રી બજરંગ યુવક મંડળ દ્વારા દિવ્ય સમુહ આરતી યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડના તિથલ રોડ સ્થિત જૂના ગુજરાત હાઉસિંગ બોર્ડ માં 'શ્રી બજરંગ યુવક મંડળ' દ્વારા આ વર્ષે ૩૮મા ગણેશોત્સવની ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ ભવ્ય મહોત્સવ અંતર્ગત ગતરોજ પોલીસ તંત્ર અને લોકશાહીના ચોથા સ્તંભ સમાન પત્રકાર મિત્રો માટે એક વિશેષ દિવ્ય સમૂહ આરતીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જાળવતા પોલીસ અધિકારીઓ તેમજ સમાજનો અરીસો બની લોકોનો અવાજ રજૂ કરતા મીડિયા જગતના અગ્રણીઓ એકસાથે બાપ્પાના દરબારમાં ઉપસ્થિત રહ્યા હતા. દિવ્ય મંત્રોચ્ચાર અને આરતીના નાદ સાથે સૌએ શ્રદ્ધાપૂર્વક શીશ ઝુકાવી ગણેશજીની આરાધના કરી હતી અને સમગ્ર પરિસરમાં એક અનોખો ભક્તિમય માહોલ સર્જાયો હતો. મંડળના આયોજકોએ જણાવ્યું હતું કે, સમાજની સુરક્ષા અને શાંતિ માટે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતું પોલીસ તંત્ર અને સત્યને ઉજાગર કરતું મીડિયા જગત સમાજના અભિન્ન અંગો છે. તેમના સન્માન અને સૌહાર્દપૂર્ણ વાતાવરણના નિર્માણ હેતુ આ સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉપસ્થિત પોલીસ અધિકારીઓ અને પત્રકાર મિત્રોએ મંડળના આ સરાહનીય પ્રયાસને બિરદાવી બાપ્પા સમક્ષ નગરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ બની રહે તેવી પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં મંડળના સભ્યો સહિત સ્થાનિક રહીશો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન-આરતીનો લાભ લીધો હતો.

### ઈન્ડો કાઉન્ટ કંપનીના CSR ફંડ અંતર્ગત

## ભીલાડ કોલેજમાં મિયાવાકી ફોરેસ્ટ પ્રોજેક્ટનો શુભારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૩ :** ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભિલાડ ખાતે આજે કેમ્પસમાં મિયાવાકી ફોરેસ્ટ વિકસાવવા માટે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ ઈન્ડો કાઉન્ટ કંપની, ભિલાડના સી.એસ.આર. (CSR) ફંડ ગ્રાન્ટના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય કોલેજ કેમ્પસને હરિયાળું અને પ્રકૃતિમય બનાવવાનો છે. આ પ્રેરણાદાયી કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે (Rtd. IRS) પ્રમોદ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની અધ્યક્ષતા કોલેજના આચાર્ય ડૉ. કે. એ. ભોયે દ્વારા કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ પ્રમોદ અગ્રવાલ, આચાર્ય ડૉ. ભોયે અને અન્ય આમંત્રિત મહાનુભાવોના હસ્તે કેમ્પસમાં વિવિધ છોડવાઓનું રોપણ કરીને આ ગ્રીન પ્રોજેક્ટનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન, કોલેજના આઈ.ક્યુ.એ.સી. (IQAC) કોઓર્ડિનેટર ડૉ. ધરમરાજ તેંભરે ઉપસ્થિત વિદ્યાર્થીઓને મિયાવાકી પદ્ધતિ વિશે વિગતવાર માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે જાપાનીઝ ટેકનિક પર આધારિત આ મિયાવાકી ફોરેસ્ટ દ્વારા ખૂબ જ ઓછા સમય અને મર્યાદિત જગ્યામાં ગાઢ જંગલ તૈયાર કરી શકાય છે, જે સ્થાનિક જૈવવિવિધતા અને પર્યાવરણની શુદ્ધિ માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.આ પ્રસંગે ઈન્ડો કાઉન્ટ કંપનીના પ્રતિનિધિઓ, કોલેજનો શૈક્ષણિક સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર હાજર રહ્યાં હતા.

## ટેટુપાડામાં નવમા દિવસે ગણપતિ વિસર્જનમાં ભક્તો ઝૂમી ઊઠ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૩ :** ધરમપુર તાલુકાના ટેટુપાડા ખાતે ટેટુપાડા ગણેશ યુવક મંડળ દ્વારા અગિયારસના દિવસે ગણેશજીની પ્રતિમાનું ભવ્ય વિસર્જન કરવામાં આવ્યું હતું. નવ દિવસ સુધી શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ગણેશજીની પૂજા-અર્ચના કર્યા બાદ ભાવિક ભક્તોએ આનંદ અને ઉલ્લાસભેર ગણપતિ બાપ્પાને વિદાય આપી હતી. વિસર્જન નિમિત્તે ટેટુપાડાથી ડીજેના તાલે વાજતે-ગાજતે ગણેશજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

શોભાયાત્રા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા અને ગણપતિ બાપા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકર યા ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. ભક્તો ડીજેના તાલે ઝૂમી ઊઠ્યા હતા.

આજે વિસર્જનના દિવસે ગણેશ યુવક મંડળ દ્વારા મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

અંતે ગણેશજીની પ્રતિમાને ધાર્મિક વિધિ અને ભક્તિભાવ સાથે બામટી માન નદીના પ્રવાહમાં વિસર્જિત કરવામાં આવી હતી. ગણપતિ બાપ્પાને ભાવભીની વિદાય આપતી વેળાએ ભક્તોમાં ભક્તિ સાથે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

## પારડીની કોલેજમાં રિસર્ચ ઓરિએન્ટેશન એન્ડ સ્કોલરલી સ્કિલ્સ વર્કશોપ યોજાયો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૩ :** પારડીની સરકારી વિજ્ઞાન કોલેજના રિસર્ચ સેલ દ્વારા એક દિવસીય રિસર્ચ ઓરિએન્ટેશન એન્ડ સ્કોલરલી સ્કિલ્સ વર્કશોપ રિસર્ચ કનેક્ટ ૨૦૨૬ નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ સ્થિત પબ્લિક નોલેજ કન્સોર્ટિયમ ઑફ ગુજરાત ની રિસર્ચ, ઈનોવેશન એન્ડ એક્સટેન્શન ગ્રાન્ટ્સ ટૂ ગવર્મેન્ટ કૉલેજીસની યોજના હેઠળ યોજાયેલા આ વર્કશોપનો ઉદ્દેશ્ય અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ, રિસર્ચ સ્કોલર્સ અને અધ્યાપકોમાં સંશોધન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમના મુખ્ય પેટ્રન ડૉ. દિલીપકુમાર રાણા (કમિશનર, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ તથા સીઈઓ, કેસીજી) તેમજ કન્વીનર ડૉ. હેતલ ટંડેલ (આચાર્ય, ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, પારડી) રહ્યા હતા.

લર્ન, એક્સપ્લોર & પબ્લિશ ના વિઝન સાથે આ વર્કશોપમાં પરંપરાગત વર્ગખંડ શિક્ષણથી આગળ વધીને નવીનતા અને વૈજ્ઞાનિક લેખન તરફ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ વર્કશોપમાં ચાર વિશેષ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નિષ્ણાત વક્તાઓએ માર્ગદર્શન આપ્યું હતું. સત્ર ૧ સાયન્સ કથા મોહનલાલ સુખાડિયા યુનિવર્સિટી, ઉદયપુરના ડૉ. હરીશે વૈજ્ઞાનિક ઈતિહાસની અનકહી કહાનીઓ અને સંશોધન પાછળના માનવ સંઘર્ષ વિશે ચર્ચા કરી હતી. સત્ર ૨ એનપીટીઈલ જાગૃતિ સત્ર વનિતા વિશ્રામ વુમન્સ યુનિવર્સિટી, સુરતના ડૉ. નવનીત જે. ચોથાણીએ વર્ગખંડના શિક્ષણને કારકિર્દી માટે સજ્જ બનાવવા એનપીટીઈલ/સ્વયમ પ્લેટફોર્મના ઉપયોગ પર માર્ગદર્શન આપ્યું હતું. સત્ર ૩ સંશોધનના મુખ્ય ક્ષેત્રો એસએઆર કૉલેજ ઑફ ફાર્મસીના ડૉ. વિપુલ ટી. પ્રજાપતિએ ફાઈટોફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ બાયોલોજી અને ફાઈટોકેમિસ્ટ્રી ક્ષેત્રે સંશોધનની તકો વિશે ચર્ચા કરી હતી. સત્ર ૪ ઉચ્ચ-પ્રભાવ ધરાવતા રિસર્ચ પેપર તૈયાર કરવાની માર્ગદર્શિકા ડૉ. હરીશે સંશોધન પત્રો લખવાની પદ્ધતિ, જર્નલની પસંદગી, પીઅર રિવ્યુ અને પ્રકાશન નીતિઓ અંગે વિસ્તૃત તાલીમ આપી હતી. વર્ષ ૨૦૧૬માં સ્થપાયેલી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, પારડી એસ.એસ.આઈ.પી. જેવા માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને સતત પ્રોત્સાહિત કરી રહી છે. આ કાર્યશાળાના માધ્યમથી સહભાગીઓને સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે મૂલ્યવાન માર્ગદર્શન અને ચેકલિસ્ટ પ્રાપ્ત થયા છે.

## સુથારપાડા સીએચસીની સાંસદે મુલાકાત લીધી

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના છેવાડે મહારાષ્ટ્રની બોર્ડર પર આવેલા સુથારપાડા-ગિરનારી ગામની લોકસભાના દંડક તથા વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન તેઓ સુથારપાડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (CHC) ખાતે પહોંચ્યા હતા. જ્યાં સ્થાનિક લોકો સાથે રૂબરૂ મળી આરોગ્ય સુવિધાઓ અંગેની માહિતી મેળવી તેમજ લોકોને મળતી સારવાર અને ઉપલબ્ધ વ્યવસ્થાઓ અંગે જાણકારી મેળવી હતી. કપરાડા તાલુકાના આદિવાસી બંધુઓને ત્વરિત સારવાર મળે તે માટે આરોગ્ય કેન્દ્રની જરૂરી સુવિધાઓ વધુ સુદૃઢ બનાવવા, જરૂરી વ્યવસ્થાઓમાં સુધારો કરવા અને કામગીરીમાં ગતિ લાવવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.



# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## ડ્રગ્સ જેવા વ્યસનો યુવા પેઢીને ગ્રસી જાય તે પહેલાં...!

**લાયન કિરીટ શાહ**
**વાપી**



જે રીતે અને જે હદે હાલમાં ડ્રગ્સ, ચરસ, ગાંજા અને અન્ય માદક અને ઘાતક દ્રવ્યોના મસમોટા જથ્થાઓ પકડાતા જોવા મળે છે જે દર્શાવે છે કેટલી હદે આ ઘાતક દ્રવ્યોનો વ્યાપ ચોમેર ફેલાયેલો છે. અને પકડાતો આ જથ્થો પણ પકડાતા દારુની જેમ કદાચ હિમશીલાના સપાટી પર દેખાતા ભાગ જેવી જ વાત છે. આજે મોટા મહાનગરો સુધી ફેલાતો જણાવેલો વ્યાપ હવે નાનકડા નગરો, ગામડાંઓ અને શેરીઓ સુધી પહોંચેલો જણાતો હોય ત્યારે અને એ દૂષણનો હેતુ આપણાં જ સંતાનોને ભોગ બનાવવા માટે થનાર હોય ત્યારે આપણે વાલીઓએ તથા સમાજ સાથે જવાબદાર તમામ સરકારી તંત્ર અને સંસ્થાઓએ ચેતવું રહ્યું, જાગવું રહ્યું, સતર્ક રહેવું રહ્યું અને આપણા સંતાનો જાણે અજાણે ભોગ ન બને અને ભોગ બની તો નથી રહ્યાને તે જાણવા તકેદારી રાખવી રહી. યુવાપેઢીને ટાર્ગેટ કરી પ્રથમ એને અજાણતાં ભોળવી એને રવાડે ચડાવી એને એ રત્નો ગુલામ બનાવાય છે, અને મોંઘી એવી આ લત માટે એ જ યુવાને બીજા યુવાઓને ભોળવવા મજબૂર કરાવતી મોડ્સ ઓપરેન્ડી હવે જગજાહેર છે ત્યારે આપણાં યુવા સંતાનોની રજેરજની માહિતી આપણે રાખીએ, એના મિત્ર વર્તુળ વિષે માહિતી મેળવીએ, જ્યાં જરૂરી લાગે ત્યાં ધીરજપૂર્વક સલૂકાઈથી આપણે સંતાનોને સમજાવીએ, જરુર પડ્યે યોગ માર્ગદર્શન કે કાઉન્સેલીંગ દ્વારા એમને મદદરૂપ થઈએ એ અત્યંત જરૂરી છે. કારણ આ નવી પેઢીની વિચારસરણી અલગ છે, બદલાયેલી છે, થોડીક આક્રમક પણ છે, એ બાબત ધ્યાનમાં લેવી પડશે.

આજે જ્યારે નાનકડી વાતમાં ખોટું લાગતાં આવેશમાં આવી જઈ બાર કે પંદર વર્ષનું બાળક પણ જો ફાંસીનો ગાળિયો ગળામાં નાખી દેતા અચકાતુ નથી ત્યારે સંતાનો માટે માબાપે અને વાલીઓએ સમય ફાળવવો પડશે.સંતાનો સાથે મૈત્રી કેળવવી પડશે. એમને સમજવા પડશે. એમના ગુસ્સા, એમના આક્રોશ અને એમની માનસિક સ્થિતિ સમજી યોગ્ય રીતે એમને સંભાળવા હળવાશ ભર્યા ઉપાયો અજમાવવા પડશે.

કોલેજકાળ દરમ્યાન ન વર્ગમાંથી ગાયબ થવું, કેન્ટીન કે લારી ગલ્લા પર બેઠક જમાવવી, લેટનાઈટ પાર્ટીઓ કરવી એ આજની જીવનશૈલીનો ભાગ બની રહ્યું છે ત્યારે એજ કારણોસર સંતાન એનો ભોગ ન બને તે જોવું રહ્યું. સંતાનોને છૂટથી અપાતા પૈસા સંતાન ક્યાં કેટલા શેને માટે વાપરે છે તેની જાણકારી માબાપે મેળવતા રહેવું પડશે. પોતાના સંતાનોના મિત્રો બાબતની જાણકારી રાખી એ સંગત કેટલી યોગ્ય છે એ વિષે જો ધ્યાન નહીં રખાય તો ક્યારેક એ બાબત અત્યંત નુકસાનકારક નીવડી શકે.

સમાજ, શિક્ષણ સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓએ આ દૂષણ થામવા અને નિયંત્રણમાં લાવવા સક્રીય થવું પડશે. સરકાર પર પણ દબાણ લાવવું પડશે.

આજે જ્યારે ચારે તરફ અરાજકતાનો માહોલ છે ત્યારે સમગ્ર વિશ્વમાં માનસિક રોગનો વ્યાપ વધી રહ્યો છે. અડધાથી વધુ લોકોને એ બાબતનો ખ્યાલ પણ નથી કે તેઓ માનસિક રોગનો ભોગ બની ગયા છે એવી સ્થિતિમાં સમગ્ર સ્તરે જાગરૂકતા કેળવાય અને આ યુવા પેઢીની સાચી જાળવણી થાય એ અત્યંત જરૂરી એવી સમયની માંગ છે. આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ પણ નશા મુક્ત ભારત માટે અપીલ કરી છે એ બાબત પણ એટલી જ સૂચક છે. ઝડપભેર વ્યાપી રહેલ આ નશાના ભોરીંગને એ યુવાપેઢીને એના નાગપાશમાં ભીંસી નાખે તે પહેલાં તેને નાથવા કટીબદ્ધ થઈએ, જાગૃત થઈએ. યુવાપેઢી આવતી કાલના સ્વસ્થ ભારત નિર્માણ માટે સ્વસ્થ રહે તે જોવાની દરેક નાગરિકની ફરજ છે.

આવો, આપણાં સંતાનોને સંસ્કાર આપવા સાથે સુરક્ષિતતા બક્ષીએ. સજ્જ સક્ષમ અને આત્મનિર્ભર બનાવીએ.

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

યુવાપેઢીને નશા મુક્ત રાખવાના આશય સાથે..!

## અડીખમ

**જયોતિ ઉત્પલ પંડયા**
**અતુલ**



ક્નસીબે તોડી, માતૃત્વે ફરી ઊભી કરી

કેટલીક સ્ત્રીઓની જિંદગીમાં સંઘર્ષ કોઈ એક દિવસ આવતો નથી તે તો ધીમે ધીમે જીવનનો એક ભાગ બની જાય છે. છતાં એ સ્ત્રી દરેક સવાર સાથે ફરી ઊભી થાય છે. કારણ કે તેની પાછળ માત્ર તેનું જીવન નથી હોતું—કોઈ એક નાનકડું જીવન પણ તેની તરફ આશાભરી નજરે જોઈ રહ્યું હોય છે.

ડિસેમ્બર ૧૯૬૩માં મધ્યમવર્ગીય પરિવારમાં એક વચલી દીકરીનો જન્મ થયો. એક મોટી બહેન, એક નાની બહેન અને સૌથી નાનો ભાઈ. માતા-પિતાના પ્રેમ અને સંસ્કારો વચ્ચે ઉછરેલી આ દીકરી વચલી હોવા છતાં ધીમે ધીમે ઘરની મોટી દીકરી બની ગઈ. મોટી બહેનની વિશેષ સંભાળની જરૂરિયાત હતી અને માતા-પિતા નોકરી કરતા હોવાથી નાની ઉંમરથી જ તેણે જવાબદારીનો અર્થ શીખી લીધો.

આ જવાબદારી કદાચ તેના વ્યક્તિત્વનો જ ભાગ બની ગઈ હતી.

આશરે ૨૨ વર્ષની ઉંમરે અભ્યાસ સાથે જ જીવનસાથી મળ્યો.

લગ્ન થયા. લગ્ન પછી સહકારી બેંકમાં નોકરી મળી અને પરિવારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગળનો અભ્યાસ અધૂરો રહ્યો.

લાગ્યું કે હવે જીવન એક સ્થિર માર્ગે આગળ વધશે.

પરંતુ ક્યારેક જીવનની દિશા આપણને પૂછ્યા વગર બદલાઈ જાય છે.

લગ્નના થોડા જ સમયમાં નોકરી મળી. એ દરમિયાન માતૃત્વનો અનુભવ થયો અને પુત્રનો જન્મ થયો. નોકરી હંગામી હતી, તેથી ગર્ભાવસ્થા અને પ્રસૂતિને કારણે નોકરીને લગતી અનિશ્ચિતતા, માનસિક તણાવ અને આર્થિક ચિંતા—બધું એકસાથે આવી પડ્યું. અને પછી માત્ર સાડા ત્રણ મહિનાના બાળકને ખોળામાં લઈને ઊભી હતી ત્યાં જ પતિનું અચાનક અવસાન થયું.

તેવીસ ચોવીસ વર્ષની એક યુવાન સ્ત્રી.

ખોળામાં સાડા ત્રણ મહિનાનું બાળક.

હાથમાં હંગામી નોકરી. અને સામે આખું જીવન. પ્રસૂતિ અને પતિના અવસાનને કારણે થયેલી રજાઓના પરિણામે પગારમાં કપાત થઈ, પ્રોબેશન આગળ વધ્યું અને નોકરીના લાભો પણ પાછળ ધકેલાયા. પરંતુ આ આંકડાઓની પાછળ જે માનસિક વેદના હતી, તેનો હિસાબ કોઈ કાગળ પર થઈ શકે તેમ નહોતો.

તે સમયના સમાજમાં યુવાન વિધવા માટે જીવન સહેલું નહોતું. અનેક પ્રશ્નો, અનેક નજરો અને અનેક સામાજિક ધારણાઓ વચ્ચે તેણે પોતાના બાળકને ઉછેરવાનું નક્કી કર્યું.

પરિવારે જીવન ફરી ગોઠવાય તે માટે બીજા લગ્નનો વિચાર પણ કર્યો. પરંતુ જીવનની ગતિ હંમેશા આપણી ઈચ્છા પ્રમાણે ચાલતી નથી.

માતા-પિતા અને ભાઈ-બહેનનો સહારો મળ્યો. સસરા તરફની જવાબદારીઓ હતી. પરિસ્થિતિ પ્રમાણે સૌએ પોતાની રીતે જે શક્ય હતું તે કરવાનો પ્રયત્ન કર્યો.

કદાચ દરેક સંબંધની પોતાની મર્યાદાઓ અને પરિસ્થિતિઓ હોય છે—અને દરેક કહાનીને માત્ર એક જ દૃષ્ટિકોણથી માપી શકાતી નથી.

સમય જતાં એક સત્ય વધુ સ્પષ્ટ બન્યું—બાળક માટે માતા માત્ર માતા નથી હોતી; ઘણી વખત તે પિતા, છત્રછાયા, હિંમત અને આખું ઘર બની જાય છે.

આ સ્ત્રીએ પોતાના દુ:ખને પોતાની ઓળખ બનવા દીધું નહીં.

તેણે નોકરી જાળવી. પુત્રને ઉછેર્યો. સમાજની વાતો સાંભળી, ઘણી વખત મનમાં ઉતારી પણ લીધી પરંતુ પગલાં રોક્યાં નહીં.

આજે પાછળ વળીને જોતા કદાચ તે કહી શકે—

મારા જીવનમાં ઘણું મારી પાસેથી છીનવાઈ ગયું, પરંતુ માતૃત્વે મને એવી શક્તિ આપી કે હું જે બચ્યું હતું તેને સાચવી શકી.

આ એક સ્ત્રીની અંગત કહાની છે. પરંતુ કદાચ આવી કહાનીઓ આપણા આસપાસ અનેક ઘરોમાં શાંતિથી જીવી રહી છે.

આ કહાની કોઈને દોષ આપવા માટે નથી.

આ તો માત્ર એટલું કહેવા માટે છે કે સ્ત્રીને તેની પરિસ્થિતિથી નહીં, તેની હિંમતથી ઓળખો.

ક્યારેક નસીબ માણસને તોડી નાખે છે

પણ જો ખોળામાં બાળક હોય, તો એ જ માતા પોતાના આંસુ લૂછીને ફરી ઊભી થઈ જાય છે.

એ જ છે—અડીખમ સ્ત્રી.

## મૂષક : ચંચળ મન અને અસીમ ઈચ્છાઓ

**કિંજલ પંડયા**
**પારડી**



ગણેશ ઉત્સવનો પવિત્ર માહોલ ચારેય તરફ છવાયેલો છે. ગણપતિ બાપ્પાની મનમોહક અને તેજસ્વી મૂર્તિઓ ગલીએ-ગલીએ વિરાજમાન છે. આપણે વિઘ્નહર્તાના સ્વરૂપને નમન કરીએ છીએ, પણ શું ક્યારેય તેમની પ્રતિમા સાથે જોડાયેલા પ્રતીકો પાછળના ગૂઢ જીવન-દર્શન વિશે વિચાર્યું છે? ગણેશજીની વિશાળ કાયા, ગજાનન મસ્તક અને તેમની સાથે નાનકડું વાહન - ઉંદર! પ્રથમ દ્રષ્ટિએ આ જોડી થોડી વિચિત્ર લાગે, પણ ભારતીય વિજ્ઞાન અને સંસ્કૃતિમાં આ પ્રતીક પાછળ માનવ જીવનનો સૌથી મોટો પાઠ છુપાયેલો છે. ઉંદર એટલે કે મૂષક એ બીજા કંઈનું નહીં, પરંતુ માનવ મન અને તેની ચંચળ ઈચ્છાઓનું પ્રતીક છે.


ઉંદરનો કુદરતી સ્વભાવ કેવો હોય છે? તે સતત અસ્થિર રહે છે, અંધારામાં છુપાતો ફરે છે, જરૂર ન હોય તો પણ કપડાં કે કાગળ કૂતરી નાખે છે અને સુખ-શાંતિથી એક જગ્યાએ બેસતો નથી. આપણું મન પણ બિલકુલ આવું જ છે. તે એક ક્ષણે વિચારમાંથી બીજા વિચાર પર કૂદકા મારે છે. બિનજરૂરી ચિંતાઓ કૂતરી ખાય છે અને સંતોષથી ક્યારેય જંપવા દેતું નથી. ગણેશજીનું આ ઉંદર પર બિરાજમાન હોવું એ વાસ્તવમાં સંકેત આપે છે કે તેમણે આ અશાંત, ચંચળ અને નુકસાનકારક મન પર પૂર્ણ વિજય મેળવ્યો છે. તેમણે મૂષકને પોતાનું વાહન બનાવી દીધું છે. આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં આ 'મૂષક સવારી'નો સંદેશ દરેક વ્યક્તિ માટે અત્યંત જરૂરી બની ગયો છે. આજના સમયમાં જાહેરાતો, સોશિયલ મીડિયા અને દેખાડાની દુનિયાએ આપણી અંદર ઈચ્છાઓનો મોટો પહાડ ઊભો કરી દીધો છે. એક ઈચ્છા પૂરી થાય નથી કે તુરંત જ બીજી દસ ઈચ્છાઓ જન્મે છે. નવી ગાડી, નવો ફોન, અન્યો કરતાં વધુ સારું દેખાવાની હોડ - આ બધું જ આપણને અંદરથી અશાંત બનાવી રહ્યું છે. આપણે આખી જિંદગી તે ઈચ્છાઓ પૂરી કરવાની આંધળી દોડમાં આપણો અમૂલ્ય સમય, સખત મહેનતની કમાણી અને સૌથી મહત્વનું એટલે કે માનસિક શાંતિ હોમી દઈએ છીએ.

જીવનમાં એક વાત હંમેશા યાદ રાખવા જેવી છે મન જ્યારે માલિક બની જાય ત્યારે તે આપણને ભટકાવે છે. જ્યારે મન માલિક બને છે ત્યારે માણસ પોતાની વિવેકબુદ્ધિ ગુમાવી બેસે છે. તે ક્ષણિક સુખો પાછળ ભાગે છે, આળસનો ભોગ બને છે અને ક્ષણિક ગુસ્સામાં આવીને પોતાના સંબંધો પણ બગાડી નાખે છે. પણ જો ગણેશજીની જેમ મનને 'સેવક' કે 'વાહન' બનાવી દેવામાં આવે, તો એ જ મન આપણને સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને સફળતાના શિખરે પહોંચાડી શકે છે.

ઉંદર ઉપર સવારી કરવાનો અર્થ એ નથી કે આપણે ઈચ્છાઓનો સંપૂર્ણ ત્યાગ કરી દેવાનો છે, પરંતુ એ વાત સમજવાની છે કે ઈચ્છાઓ આપણા પર સવાર ન થવી જોઈએ. જરૂરિયાત અને લાલચ વચ્ચેની રેખા દોરતા શીખવું એ જ સાચી ગણેશ પૂજા છે. આ ગણેશ ઉત્સવે માત્ર મોદકનો પ્રસાદ વહેંચીને અટકી જવાને બદલે, આપણે પણ પોતાની અંદર રહેલી અસીમ ઈચ્છાઓ અને ચંચળ મન પર કાબૂ મેળવવાનો સંકલ્પ કરીએ. જે ક્ષણે આપણે મનના દાસ બનવાને બદલે તેના સ્વામી બનીશું, તે જ ક્ષણે જીવનનો સાચો આનંદ, સમૃદ્ધિ અને પરમ શાંતિ આપણાં ચરણોમાં હશે.

## ગુરુ વગર ભવસાગર તરી શકાતો નથી

**હર્ષદ દેસાઈ**
**વટાર**



ગુરુના વંદના કરતાં તુલસીદાસજીએ રામચરિત માનસમાં લખ્યું છે કે જે કૃપાના સાગર અને નરરૂપમાં શ્રીહરિ જ છે. અને જેમના વચનો મહામહોરૂપી ગાઢ અંધારનો નાશ કરનારાં સૂર્યકિરણોનો સમુહ છે. એવા ગુરુ મહારાજના ચરણ કમળોની હુ વંદા કરુ છુ. એમનું કહેવાનું તાત્પર્ય એ છે કે સાક્ષાત શ્રીહરિ એટલે કે સાક્ષાત નારાયણ જ છે નરરૂપમાં ગુરુ છે. તેઓ શિષ્યોના અજ્ઞાનતારશૂપી અંધકારને દુર કરનારા સૂર્ય છે. ગુરુ શબ્દનો પ્રથમ અક્ષરે ગુ - નો અર્થ અંધકાર છે. જયારે બીજો અક્ષર રુ - નો અર્થ એ અંધારનો નાશ કરનાર પ્રકાશ છે. આમ ગુરુ એમને કહેવાય કે જેઓ શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારને દુર કરી ને તેને પ્રકાશ તરફ લઈ જાય છે. ગુરુ બહારથી સામાન્ય દેખાતા હોય છે. પરંતુ તેઓ સામાન્ય નથી હોતા. તેઓ જ્ઞાનનો તથા શકિતનો ભંડાર હોય છે.ગુરુ નરના રૂપમાં નારાયણ જ છે. કારણ કે એમના આત્મામાં નારાયણ અર્થાત બ્રહ્મ પુર્ણરૂપે પ્રકાશતા હોય છે તેઓ પોતાના બ્રહ્મ જ્ઞાનથી શિષ્યના આત્માને પ્રકાશિત કરે છે. એટલે કે તેના મનનના અંધકારને અર્થાત દોષુર્ગણોને દુર કરે છે ગુરુ વાસ્તવમાં મુકત આત્મા હોય છે. તેઓ બુદ્ધ, કૃષ્ણ તથા રામ જેવા પરબ્રહ્મની કથા ધરાવતી એક ચેતના હોય છે. પરંતુ બહારથી તે સામાન્ય દેખાય છે. ગુરુ બહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણેય દેવશકિતઓનું કામ કરે છે તઓ બ્રહ્માની જેમ શિષ્યના અંતરમાં શ્રેષ્ઠ સંસ્કારોના બીજ વાવે છે ત્યારપછી વિષ્ણુ ભગવાનની જેમ સંસકારોના વિકાસ થાય છે એ માટે પણોષણ આપતા રહે છે અને ભગવાન શંકરની જેમ પોતાના શિષ્યના મનમા રહેલા દોષદુર્ગણો તથા તેના ચિત્તમાં રહેલા જન્મ જન્માંતરોના નાશ પણ કરે છે. આમ એક જ ગુરુ આ ત્રણેય કાર્યો કરતા હોવાને કારણે તેમને પરબ્રહ્મા પણ કહેવદામાં આવ્યા છે. ગુરુ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા હોવી જરુરી છે. જે શિષ્યમાં સદગુરુ પ્રત્યે અપાર શ્રદ્ધા હોય સંપૂર્ણ અને સાચો પ્રેમ હોય તે જો ગુરુના ચરણમાં સંપૂણ સમર્પણ કરીને તેમના ઉપદેશ અનુસાર આચરણ કરે તો તે સંસ્કારૂપી ભવસાગરને પાર કરીને પરમાત્માને પરાપ્ત કરી શકે છે.

ગુરુ વગર કોઈ ભવસાગર તરી શકતુ નથી. ભલે તે બ્રહ્માજી કે શંકાર સમાન કેમ ન હોય. સદગુરુ આપણણને જ નિજ સ્વરૂપનો બોધ થાય છે. ગથુરુ એ આપેલી જ્ઞાનરૂપી હોડીથી શિષ્ય પાપરૂપી સાગરને પાર કરી લે છે. ગુરુએ આપેલા જ્ઞાનરૂપી અમૃતનું પાન કરી લીધા પછી શિષ્ય કામ ક્રોમ લોભ મોહ વગેરે દોષોમાંથી ક્રમશઃ મુકત થતો જાય છે. અને તેના દૈહિક દૈવિક અને ભૌતિક તાપ એટલે કે દુખો દુર થઈ જાય છે. તે સુખ દુ::ખ હર્ષ- શોક તથા પાપ પુણ્યાન બંધનોમાંથી મુકત થઈ જાય છે. અને પરબ્રહ્મને પ્રાપ્ત કરીને તે હંમેશા બ્રહ્માનંદની સ્થિતિમાં રહે છે. આથી શિષ્યે જો આત્મકલ્યાણ કરવુ હોય તો તેનામાં સદગુરુના પ્રાપ્ય કરવાની તાલાવેલી હોવી જોઈએ. આ ઉપરાંત સદભાગ્યે જો સદગુરુ મળી જાય તો તેમણે બતાવેલા માર્ગનું અનુસરણ કરવુ જોઈએ. સદગુરુએ બતાવેલા માર્ગે ચાલતા રહેવાથી શિષ્યનો ઉદ્ધાર થઈ જાય છે. પછી તેણે જીવનમાં બીજુ કશુ મેળવવાનું બાકી રહેતુ નથી. આપણા શાસ્ત્રોમાં ગરુને ભગવાન કરતા પણ વધારે ઉચુ સ્થાન આપવામાં આવ્યું છે. ગુરુના મહિમાનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે

ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય,
બલીહારી ગુરુ આપને, જિન ગોવિંદ દિયો બતાય.

## ક્યારેય ડરને શરણે ન થાશો

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



નિષ્ફળતા મળે ત્યારે હતાશા ઉપરાંત અનેક પ્રકારના ડર માણસને સતાવવા માંડે છે. એમાં સૌથી મોટો ડર આબરૂ જવાનો હોય છે એ ડરને કારણે ઘણી વાર માણસ આપઘાત કરી નાખે છે.

આબરૂ એ દરેક વ્યક્તિએ પોતે નક્કી કરેલું પોતાનું રૂપ હોય છે. સિંહને સિંહની આબરૂ હોય છે. એજ રીતે હરણને પણ હરણની આબરૂ હોય છે. એ આબરૂ ઓઢીને વ્યક્તિ પોતાના સમાજમાં જીવે છે. આબરૂ જવાનો ડર એ પોતાના ટોળામાંથી વિખૂટા પડી જવાના ડરનું બીજુ રૂપ છે. દરેક માણસ પોતાના સમાજમાં ટોળામાં જીવતો હોય છે. ટોળાથી વિખૂટા પડી જવાની વાતથી માણસ ખૂબ ડરે છે. વળી માણસની આબરૂ મોટે ભાગે એનાં સમાજમાં એની પાસેના પૈસાનાં કારણે બંધાઈ હોય છે. એટલે જ ધંધામાં ખોટ જાય, નિષ્ફળતા મળે, પૈસા ચાલ્યા જાય ત્યારે માણસ ડરી જાય છે પરંતુ એ વખતે એ વિચાર કરે તો એવાં દાખલાઓ એને યાદ આવે છે કે, જેમની પાસેથી પૈસા ચાલ્યા જતા કે સારી નોકરી છૂટી જતાં એમની આબરૂ એક કોડીની થઈ ગઈ હોય પણ, ફરી પૈસા મળતાં સારો ધંધો નોકરી મળતાં જ એ આબરૂ વ્યાજ સાથે પાછી આવી જાય છે. જે સમાજથી માણસ ડરે છે એ સમાજમાં તો શેરબજારમાં શેરનાં ભાવોમાં થતી વધઘટની જેમ વ્યક્તિની આબરૂમાં પણ વધઘટ થયાં કરતી હોય છે. એટલું જ નહીં જો ભાવ વધે તો અગાઉ ભાવ ઘટી ગયા હતા એ યાદ કરવાં પણ કોઈ નવરું નથી હોતું, જૂની વાતને કોઈ વળગી રહેતા નથી.આવી અસ્થિર આબરૂને વળગીને અફસોસ કરવાને બદલે કે, ડરવાને બદલે જ્યારે નિષ્ફળતા આવી પડે ત્યારે તેનાથી ડરવાને બદલે તેમાંથી માર્ગ કાઢી ફરી સફળતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. એજ એમાંથી બહાર નીકળવાનો સાચો ઉપાય છે. જીવનમાં નિષ્ફળતા મળવી એ અંત નથી એ તો નવી શરૂઆત છે. નિષ્ફળતા એ સંદેશ આપે છે કે કંઈક બદલવાની જરૂર છે. જે માણસ આ સંદેશ સમજે છે એ જ સાચી સફળતા મેળવે છે.

## જીવનની મુશ્કેલીઓને હકારાત્મક રીતે દૂર કરો !!

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



શું તમને પણ લાગે છે કે આખી દુનિયાનું દુઃખ ફક્ત તમારા નશીબમાં લખાયું છે...? બધુ જ મારી સાથે કેમ થાય છે...? જીવનમાં જયારે તકલીફ પડે ને ત્યારે તું અને હું દુઃખી થઇ જઈએ છીએ એ સ્વાભાવિક છે. પણ શું આપણે ક્યારે વિચાર્યું છે...? આપણે જેમને પૂજયે છીએ એ સર્વ શક્તિમાન ઈશ્વરના જીવનમાં કેટલું સુખ હતું સાક્ષાત વિષ્ણુના અવતાર ભગવાન શ્રી રામનો જે દિવસે અયોધ્યાની ગાદી પર રાજ્યભિષેક થવાનો હતો તેના આગલા દિવસે જ ચૌદ વર્ષનો વનવાસ મળ્યો ને રાજભોગ છોડીને જંગલમાં ભટકવું પડ્યું કાંટા વાગ્યાપિતા દશરથનો વિયોગ થયો, સીતાજીનું અપહરણ થયું આખી રામાયણ વાંચી લેજો.


એકપણ દિવસ એવો ન હતો કે એ દિવસે ભગવાન રામને દુઃખ ન પડ્યું હોય અને પૂર્ણ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ જેમનો જન્મ જેલની કાલકોટડીમાં થયો. જન્મતાની સાથે સગા માતાપિતાથી વિખુટા પડવા પડ્યું. બાળપણથી રાક્ષસોના હુમલા જે ગોકુળમાં મોટા થયા એજ ગોકુળને છોડવું પડ્યું, રાધાજીનો વિયોગ અને મહાભારતનું મહાયુદ્ધ જીવનભર માત્ર ને માત્ર સંઘર્ષ પણ યાદ રાખજો આટ- આટલા અપમાનનો, યુદ્ધ વચ્ચે પણ ભગવાન શ્રી કૃષ્ણના ચહેરા પર નિયમ મનોહર મુશ્કરાહટ ક્યારેય ગાયબ થઇ નથી.

જો આ પુથ્વી પર અવતાર લેનાર સ્વયં ભગવાન પર બચી નથી શક્યા તો આપણે તો સામન્ય માનવી છે તો પછી તકલીફ આવે તો રડવાનું, ડરવાનું શા માટે ...,? અને નાના મોટા દુઃખ તમને તોડવા નથી આવતા પણ તમારી અંદર રહેલા શ્રી રામ અને શ્રી કૃષ્ણ જેવા ધૈર્યને જગાડવા આવે છે ઈશ્વરે કસોટી પણ એની લે છે જે લડવા માટે સક્ષમ હોય એટલે હવેથી જયારે પણ તકલીફ મુશ્કેલી આવે તો હિંમત હારવાને બદલે છાંટી ઠોકીને સામે ઊભા રહો.

યાદ રાખો આ કઠીન રસ્તાઓ હંમેશા સુંદર મંજિલ તરફ લઇ જાય છે હિંમત રાખો, સાચા માર્ગે લડતા રહો અને આગળ વધતા રહો.જો આ વાતની હિંમતે તમારા દિલમાં દીવો પ્રગટાવવો હોય તો એવા મિત્રો સુધી પહોંચાડો જે અત્યારે એમને એની વધારે જરૂર છે.

## જીડીપીના આંકડા પર ધમસાણ

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ કે જેને ટૂંકમાં જીડીપી તરીકે ઓળખવામાં આવે છે એ અંગે વિશ્વના જાણીતા ઈકોનોમિસ્ટ મિશ્ર અભિપ્રાય ધરાવે છે. જીડીપીના સર્જક નોબેલ પુરસ્કાર વિજેતા સાયમને જ આ માપદંડ સામે ચેતવણીનો સૂર રજૂ કર્યો હતો. તેમના જ શબ્દોમાં જીડીપી દ્વારા માત્ર જે તે દેશની આવક જાણી શકાય છે. તેનાથી રાષ્ટ્રના સાચા કલ્યાણનો અંદાજ લગાવી શકાય નહીં. આર્થિક વૃદ્ધિ અને નાગરિકોના જીવન સ્તર વચ્ચે મોટો તફાવત હોઈ શકે છેૈ. દુનિયાના અર્થશાસ્ત્રીઓ જીડીપી માપદંડમાં રહેલી ખામીઓ તરફ અંગૂલીનિર્દેશ કરે છે. કોઈ પણ દેશના આર્થિક સ્વાસ્થ્યને માપવાનું સૌથી જાણીતું સાધન જીડીપી છે. ઉત્પાદન માપવા માટે તે બરાબર છે પરંતુ માનવ કલ્યાણ કે ખુશાલી માપવા માટે તે

અપર્યાપ્ત છે. વર્લ્ડ બેંકના પૂર્વ અર્થશાસ્ત્રી નીલકંઠ મિશ્રા જણાવે છે કે

જીડીપી ગણવાની નવી પદ્ધતિ અને બેઇઝ યરના સુધારાથી અર્થતંત્રના વાસ્તવિક ઉત્પાદનની વિશ્વસનિયતા વધે છે. નોબેલ વિજેતા અર્થશાસ્ત્રી જોસેફે વર્લ્ડ ઈકોનોમિક ફોર્મમાં જણાવ્યું હતું કે આપણે જે માપીએ છીએ તે જ આપણી નીતિઓ નક્કી કરે છે. જો આપણું માપદંડ જીડીપી જ ખોટું હશે તો આપણા નિર્ણયો પણ ખોટા હશે. જાણીતા અર્થશાસ્ત્રીઓ માને છે કે જીડીપી એ આર્થિક પ્રવૃત્તિ જાણવા માટે ચોક્કસ મહત્વ ધરાવે છે , પરંતુ ફક્ત તેના આધારે જ કોઈ દેશ સુખી છે કે નહીં તે નક્કી કરી શકાય નહીં. કેટલાક અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે જીડીપી એ અર્થતંત્રના સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કરવાની એક નબળી પદ્ધતિ છે.

ભારતની રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ.રઘુરામ રાજન જણાવે છે કે જો દેશનો જીડીપી આટલી ઝડપથી વધી રહ્યો હોય તો બજારમાં પૂરતી સંખ્યામાં સારી રોજગારી કેમ પેદા નથી થઈ રહી ? ખાનગી કંપનીઓ નવું રોકાણ કેમ નથી કરી રહી ? વિદેશી રોકાણ કેમ ઘટી રહ્યું છે ? વધુમાં રઘુરામ રાજન જણાવે છે કે સરકારે ફક્ત જીડીપીના ઊંચા આંકડા બતાવીને સંતોષ માનવાને બદલે દેશના પાયાના પ્રશ્નો જેવા કે શિક્ષણ, આરોગ્ય, સ્કીલ ડેવલપમેન્ટ અને આર્થિક અસમાનતા પર ધ્યાન આપવું જોઈએ. પૂર્વ નાણા સચિવ સુભાષચંદ્ર ગર્ગ અને અન્ય વિવેચકોનો આક્ષેપ છે કે સરકારનો ૭.૮ ટકા નો દાવો માત્ર આંકડાની માયાજાળ છે. જો જૂની અને વાસ્તવિક ગણતરીને ધ્યાનમાં લેવામાં આવે તો ગ્રાઉન્ડ લેવલે વૃદ્ધિ દર ફક્ત ૨.૬ ટકા ની આસપાસ જ છે.

## દિકરો ઘરનો દીવો છે

**અંજલિ પ્રજાપતિ**
**પારડી**



સદીઓથી આપણા સમાજમાં એક વાત ખૂબ જ ગર્વ સાથે દોહરાવવામાં આવી રહી છે—દીકરો ઘરનો દીવો છે. આ એક વાક્યે ન જાણે કેટલીય પેઢીઓની માનસિકતાને આકાર આપ્યો છે. પરંપરા એવું માનતી આવી છે કે દીકરો વંશને આગળ વધારે છે, માતા-પિતાના ઘડપણની લાકડી બને છે અને ઘરનું નામ રોશન કરે છે. પરંતુ જ્યારે આપણે આજના આધુનિક અને ઝડપથી બદલાતા ભારતની નજરે આ વિચારને જોઈએ છીએ, ત્યારે એ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે કે શું આજના યુગમાં આ ખ્યાલ એટલો જ પ્રાસંગિક છે, કે પછી તેમાં ફેરફારની ભારે જરૂર છે?

જો પરંપરાગત દ્રષ્ટિકોણથી જોઈએ તો, સમાજે દીકરાને પરિવારનો આર્થિક અને સામાજિક સ્તંભ માન્યો. માતા-પિતા પોતાની જિંદગીભરની કમાણી, સપના અને અપેક્ષાઓ પોતાના દીકરા પર એટલા માટે ન્યોછાવર કરી દેતા હતા કારણ કે તેમને લાગતું હતું કે ભવિષ્યમાં એ જ ઘરનો પ્રકાશ બનશે. આ વિચાર માત્ર દીકરીઓને ઓછી આંકવાથી જ પેદા નહોતો થયો, પરંતુ તેમાં સામાજિક અસુરક્ષા અને ઘડપણના ટેકાની ચિંતા પણ સામેલ હતી. દીકરાને આપવામાં આવેલી આ જવાબદારી એક તરફ તો તેને અધિકાર આપતી હતી, પરંતુ બીજી તરફ તેના પર એક અણકહ્યો ભારે બોજ પણ નાખતી હતી કે તેણે ગમે તે ભોગે સફળ થવું જ પડશે.પરંતુ સમયની સાથે સિક્કાની બીજી બાજુ પણ સામે આવવા લાગી છે. આજનો યુગ માત્ર એ વાત પર નિર્ભર નથી રહ્યો કે દીવો દીકરો છે કે દીકરી. રોશની તો એ સંસ્કાર, વિચાર અને કાબિલિયતથી આવે છે જે પરિવાર પોતાના બાળકોમાં સિંચે છે. આજના સમાજમાં આપણે એવા અસંખ્ય ઉદાહરણો જોઈએ છીએ જ્યાં દીકરીઓ પણ પરિવારની જવાબદારી ખૂબ સારી રીતે ઉપાડી રહી છે, માતા-પિતાનો સહારો બની રહી છે અને દેશ-દુનિયામાં તેમનું નામ રોશન કરી રહી છે. એવામાં કોઈ એક લિંગ ને ઘરનો એકમાત્ર દીવો માની લેવો, ક્યાંક ને ક્યાંક સમાજના બીજા અડધા હિસ્સા સાથે અન્યાય કરવા જેવું લાગે છે.

આ સિવાય, દીવો બનવાનું આ દબાણ ઘણી વખત દીકરાઓ માટે પણ માનસિક બોજ બની જાય છે. સમાજની આ અપેક્ષા કે દીકરો રડે નહીં, દીકરાએ કમાવવું જ પડશે, અથવા પરિવારનો બોજ એ જ ઉપાડશે, ઘણા યુવાનોને તણાવ અને દબાણના વંટોળમાં ધકેલી દે છે. જ્યારે આપણે કોઈ બાળકને માત્ર એટલા માટે ખાસ માનવા લાગીએ છીએ કારણ કે તે દીકરો છે, તો આપણે તેની સ્વાભાવિક યોગ્યતાઓને પરખવાને બદલે તેના પર પરંપરાઓનો બોજ લાદી દઈએ છીએ. સાચું તો એ છે કે દીવો એ જ છે જે કોઈ પણ ભેદભાવ વગર પોતાના કર્મોથી આખા ઘરને રોશન કરે—પછી તે દીકરો હોય કે દીકરી. અંતતઃ, આજના યુગમાં ઘરના દીવાની વ્યાખ્યાને નવા સિરેથી ઘડવાની જરૂર છે. ઘરનો અસલી દીવો એ સંતાન છે—પછી તે દીકરો હોય કે દીકરી—જે પ્રામાણિકતા, મહેનત, આત્મસન્માન અને સારા સંસ્કારો સાથે આગળ વધે. જ્યારે આપણે આપણા બાળકોને લિંગના આધારે નહીં, પરંતુ તેમના વિચારો, મહેનત અને માનવતાના આધારે આંકવાનું શરૂ કરીશું, ત્યારે જ સાચા અર્થમાં આપણો સમાજ અને દરેક ઘર રોશન થઈ શકશે.

## દમણગંગા ટાઇમ્સ

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**

- સંપાદક

## વાપી મનપાના મહેસૂલી તલાટીઓને ગામોની સેજાવાર જવાબદારી સોંપઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી મામલતદાર કચેરી દ્વારા ૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના હુકમથી વાપી મામલતદાર ખાતે નવીન નિમણૂક પામેલા મહેસુલી તલાટીઓને મહાનગરપાલિકાના સેજા મુજબ ગામોની ફાળવણી કરવામાં આવી છે. આ તમામ મહેસુલી તલાટીઓએ તેમના જોબ ચાર્ટ મુજબની કામગીરી મનપાની દરેક ગામે આવેલી ઝોન કચેરીમાં બેસી કરવાની રહેશે તેમ જ નાગરિકોને સરળતાથી મહેસુલી સેવાઓ મળી રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ દરેક મહેસુલી તલાટીઓએ તેમને ફાળવેલા ગામમાં નક્કી કરેલા દિવસે હાજર રહેવાનું રહેશે અને કચેરીમાં આવતા જનતાને દેખાય તેવી જગ્યાએ તેમનું નામ અને માહિતી દર્શાવતું બોર્ડ સ્પીકર લગાવવાનું રહેશે. નાગરિકોને સમયસર સેવા આપવા ખાસ સુચના મામલતદાર વાપીના હુકમમાં મહેસૂલી તલાટીઓને નક્કી કરેલા જોબકાર્ડ મુજબ જ કામગીરી કરવા અને નાગરિકને કોઈ મુશ્કેલી ન પડે તેની પૂરેપૂરી તકેદારી રાખવાની રહેશે. તમામ સંબંધિત તલાટીએ પોતાની કામગીરીનું રેકોર્ડ ચાર્જ મેળવવાનો રહેશે. હાલમાં તમામ સેજાઓ ઉપર કાયમી નિમણુંક પૂર્ણ થઈ ન હોવાથી કેટલીક સજાઓનો ચાર્જ પણ આપવામાં આવ્યો છે. તેમજ જે તે કચેરીમાં તેઓને આપવામાં આવેલી સગવડ અને ત્યાં ઉપસ્થિત કર્મચારીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે. એકજ સ્થળે રેકોર્ડ અને માહિતી ઉપલબ્ધ રહેતા ગામજનોના પ્રશ્નોનું પણ ઝડપી નિરાકરણ લાવવામાં મદદરૂપ મળશે. આ અંગે વાપી સિટી મામલતદાર કાંતિભાઈ પી. કાતરિયા દ્વારા કરવામાં આવેલા હુકમની તાત્કાલિક અમલવારી કરવા સંબંધિત કર્મચારીઓને સૂચના આપી છે.

### સેજા તલાટી અને ગામોની સંપૂર્ણ વિગતો

**વાપી મહેસુલી તલાટીના નામ અને ફરજના સ્થળ :** ● સુશ્રી ભાવના એસ મુધવા - ૯૯૯૮૧ ૦૮૦૦૮, **ચણોદ મહાનગરપાલિકાની કચેરી વાપી,** ● શ્રીરામ એમ. જાગીડ - ૯૪૨૬૬૬૮૫૬૦, **બલીઠા મામલતદાર કચેરી વાપી,** ● સુશ્રીનિશાબેન એસ. પટેલ - ૯૫૧૨૬૧૨૩૬૩, **કરવડગામની ઝોન કચેરી ખાતે,** ● પ્રતીકકુમાર બી. દુધાત, વાપી -૮૪૬૯૭૦૪૪૭૬ **વાપી મહાનગરપાલિકાની કચેરી ખાતે** ● હર્ષિલ આર. બોરડ- નામધા, ૮૨૦૦૭૮૭૪૭૩, **ચંડોર ઝોન મહાનગરપાલિકાની કચેરીમાં** ● સુરેશ એન. રાઠોડ - ૬૩૫૭૦૬૫૭૫૭, **વટાર, મોરાઈ, કુંતા અને તરક પારડી તેઓએ વટાર મહાનગરપાલિકાની ઝોન કચેરી ખાતે** ● અંજલી બી. દેસાઈ ડુંગરા - ૯૬૬૨૬૦૮૫૬૫, **ડુંગરા મહાનગરપાલિકાની ઝોન કચેરી ખાતે,** ● સત્યપાલ જી. વાળા, છરવાડા, છીરી અને સલવાવ- ૯૦૯૯૫૯૧૯૦૯, **છરવાડા સલવાવ અને છીરી ઝોન કચેરી ખાતે** અને ● સુમિતકુમાર આર. પ્રજાપતિ **ચલાઝોન કચેરી,** ૮૮૪૯૯૬૮૬૫૮ **ચલા ઝોન કચેરી ખાતે** વાપીના ઉપરોક્ત તમામ સેજામાં સમાવેશ ગામોના ક્ષેત્રીય કામગીરી તેમના કામના દિવસોમાં અરજદારો માટે કામગીરી કરશે.

## પારડી કોલેજમાં દિપેશ શાહની ‘સંઘર્ષ’ પુસ્તકનું વિમોચન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૩ :** એન.કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડીમાં આજે તા.૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે લેખક ડૉ. દીપેશ શાહ દ્વારા રચિત પ્રેરણાદાયી પુસ્તક સંઘર્ષનું પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. હેમાલી દેસાઈ, વિશિષ્ટ અતિથિ તરીકે રમેશભાઈ શાહ તથા અધ્યક્ષસ્થાને હેમંતભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. એન.કે. દેસાઈ પરિવારની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. લેખક ડૉ. દીપેશ શાહ દ્વારા સંઘર્ષપુસ્તકનો



પરિચય આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ મહેમાનોના હસ્તે સંઘર્ષ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તક જીવનમાં આવતાં પડકારો સમસ્યાઓ અને સંઘર્ષોને પાર કરીને સફળતા તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. આ પ્રસંગે મહેમાનોએ પોતાના શુભેચ્છા સંદેશમાં પુસ્તકના સર્જન અને તેના પ્રેરણાત્મક અભિગમને બિરદાવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મહેમાનોને તેમની અમૂલ્ય ઉપસ્થિતિ અને સહયોગ બદલ સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. શિવાની આચાર્ય અને નિરવ સુરતી દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતે ડૉ. શિવાની આચાર્ય દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. તેમણે કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ મહાનુભાવો, એન.કે. દેસાઈ પરિવાર શિક્ષકગણ વિદ્યાર્થીઓ અને આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો આ ઉપરાંત કોલેજના Assistant Professor Dr. Shivani Acharya દ્વારા તૈયાર કરવામાં આવેલ પુસ્તક MARKETING DYNAMICS કે જે કોલેજ ના કોમર્સના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરી પ્રકાશીત કરવામાં આવ્યું એ પુસ્તકનું મહેમાનો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમથી કોલેજ પરિસરમાં સાહિત્ય, શિક્ષણ અને સર્જનાત્મકતાનું સુંદર વાતાવરણ સર્જાયું હતું. સંઘર્ષ પુસ્તક યુવા પેઢીને જીવનના પડકારોનો હિંમતપૂર્વક સામનો કરી સફળતા તરફ આગળ વધવાની પ્રેરણા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## વટાર ગ્લોબલ સ્કૂલમાં સાયબર - બાળ સુરક્ષા કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** લોટસ ગ્લોબલ સ્કૂલ, વટાર ખાતે વિદ્યાર્થીઓને સાયબર સલામતી, બાળ સુરક્ષા અને વ્યક્તિગત સલામતી વિશે શિક્ષિત કરવા માટે સાયબર જાગૃતિ અને બાળ સુરક્ષા કાર્યક્રમનું આયોજન વાપી પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું.

પીએસઆઈ સી.ડી. ડામોરના માર્ગદર્શન હેઠળ, મહિલા પોલીસ કોન્સ્ટેબલ આરતી મામ, પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ અને પોલીસ કોન્સ્ટેબલ આકાશભાઈ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો અને સાયબર સલામતી અને બાળ સુરક્ષા સંબંધિત મહત્વપૂર્ણ માહિતી શેર કરી.

કાર્યક્રમનો મુખ્ય વિષય `સાયબર જાગૃતિ, ગુડ ટચ અને બેડ ટચ, અને હેલ્પલાઈન નંબર્સ હતો. વિદ્યાર્થીઓને સલામત અને જવાબદાર ઈન્ટરનેટ ઉપયોગ, તેમની વ્યક્તિગત માહિતી અને ઓનલાઈન ઓળખનું રક્ષણ અને શંકાસ્પદ ઓનલાઈન પ્રવૃત્તિઓથી સાવધ રહેવા વિશે શિક્ષિત કરવામાં આવ્યા હતાં. કોઈપણ અસ્વસ્થતા કે અયોગ્ય વર્તનના કિસ્સામાં ડર્યા વિના માતાપિતા, શિક્ષકો અથવા વિશ્વસનીય પુખ્ત વયના લોકોની મદદ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં પ્રમુખ સ્મિતા સચિન સિંહ, મેનેજિંગ ટ્રસ્ટી સચિન કુમાર સિંહ, ટ્રસ્ટી સભ્ય અનુપ સિંહ, આચાર્ય દીક્ષા સિંહ અને ઉપ આચાર્ય ગીતાંજલી ગોસ્વામીએ તેમનું માર્ગદર્શન અને સમર્થન પૂરું પાડ્યું હતું.



### મોગરાવાડીમાં સંત ગજાનંન મંડળ દ્વારા મહાપ્રસાદનું આયોજન કરાયું

વલસાડ મોગરાવાડી સ્થિત પેપર વિતરકો દ્વારા બનાવવામાં આવેલા ગજાનંન મંડળ દ્વારા દર વર્ષે ગણેશ ઉત્સવની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે અને આ નિમિત્તે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવે છે. બુધવારે વલસાડ મોગરાવાડી ખાતે આવેલા સંત ગજાનંન મંડળ હોલ શારદાધામ ખાતે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

## ડુંગરામાં વૃધ્ધાને બંધક બનાવી રૂા.૭ લાખના દાગીના લુંટી ગયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** વાપીના ડુંગરા કોળીવાડ વિસ્તારમાં વહેલી સવારે લૂંટની ઘટનાએ ચકચાર મચાવી છે. પોતાના ઘરની પાછળ વાડામાં બનાવેલી પેજારીમાં ન્હાવાનું પાણી ગરમ કરી રહેલા ૭૫ વર્ષીય નાનીબેન સુક્કરભાઈ પટેલ નામના વૃદ્ધા પર બે અજાણ્યા ઈસમોએ પાછળથી હુમલો કર્યો હતો.



અંધારાનો લાભ લઈ લૂંટારૂઓએ વૃદ્ધાનું મોં દબાવી બંધક બનાવી દીધા હતાં અને કાનમાં પહેરેલી શેરવાળી બુટ્ટી અને હાથમાં પહેરેલી સોનાની બંગડી મળી કુલ રૂા.૬.૨૫ લાખની કિંમતના સોનાના દાગીના લૂંટીને અંધારામાં ફરાર થઈ ગયા હતાં. અચાનક થયેલા હુમલાથી વૃદ્ધા ગભરાઈ ગયા હતાં અને બૂમાબૂમ કરતાં પરિવારજનો દોડી આવ્યા હતાં. ઘટના અંગે વૃદ્ધાના પુત્ર મહેશભાઈ પટેલે ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મળતાં જ ડુંગરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી છે, જોકે મોડી સાંજ સુધી લૂંટારૂઓનું કોઈ પગેરું મળ્યું નથી. પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## વાપી આર.કે. દેસાઈ કોલેજના તાલીમાર્થીઓએ મમતા મંદિર શાળાની શૈક્ષણિક મુલાકાત લીધી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** આર.કે. દેસાઈ કોલેજ ઑફ એજ્યુકેશન, વાપીના બી.એડ. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે મમતા મંદિર શાળાની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનું સંપૂર્ણ આયોજન ડૉ. સારિકા પટેલ, ડૉ. રાહુલ ટંડેલ, ડૉ. વિમુખ પટેલ અને ડૉ. અક્ષય ટંડેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન મમતા મંદિર શાળાના પ્રિન્સિપાલએ સંસ્થાની સ્થાપના, તેના ઉદ્દેશો, વિકાસયાત્રા તથા વિશિષ્ટ બાળકો માટે કરવામાં આવતી વિવિધ સેવાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી.

મુલાકાતના અંતે મમતા મંદિર શાળાને કોલેજ તરફથી સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી. આ સમગ્ર શૈક્ષણિક મુલાકાત બી.એડ. તાલીમાર્થીઓ માટે વર્ગખંડના સૈદ્ધાંતિક જ્ઞાનને પ્રત્યક્ષ અનુભવ સાથે જોડતી એક મહત્વપૂર્ણ શૈક્ષણિક સફર બની રહી હતી. આમ શૈક્ષણિક સંસ્થાનું મુલાકાત કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ તથા આર. કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન વાપીના આચાર્ય ડૉ. પ્રીતિ ચૌહાણ તેમજ બી. એડ વિભાગના હેડ ડૉ. ગુંજન વશીએ અભિનંદન પાઠવ્યા હતાં.

## વાપીના નામધાથી ઈકો કારમાંથી દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** એલસીબી વલસાડ પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમી આધારે મોજે નામધા, આમલ ફળિયા, રઘુભાઈ પટેલના ઘર સામે ખુલ્લી જગ્યામાંથી એક સફેદ મારુતિ સુઝુકી ઈકો કાર નં. GJ-15-CP-9769માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ કિ. રૂા.૨,૫૦,૪૦૦નો જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસે કાર કિ. રૂ. ૫,૦૦,૦૦૦ મળી કુલ્લે રૂા.૭,૫૦,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. કાર ચાલક સ્થળ પરથી ફરાર થઈ જતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે. આ અંગે એલસીબીના અ.હે.કો. ઓમપ્રકાશસિંહ રણબહાદુરસિંહે વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ આપતા મુદ્દામાલ વાપી ટાઉન પોલીસને સુપ્રત કરાયો છે.

### મહારાષ્ટ્ર મિત્ર મંડળ દ્વારા સ્પર્ધાનું આયોજન કરાયું હતું

## વાપી એલ.જી હરિયા સ્કૂલના બાળકો રંગોલી સ્પર્ધામાં ઝળક્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** મહારાષ્ટ્ર મિત્ર મંડળ દ્વારા આયોજિત ઈન્ટરસ્કૂલ રંગોલી અને ગ્રુપ સોંગ સ્પર્ધાનું આયોજન ૧૯મી અને ૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આયોજિત સ્પર્ધામાં ભાગ લીધો હતો. બંને કેટેગરીમાં જીત મેળવી શ્રી એલ.જી.હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલને ગૌરવ અપાવ્યું છે.




શાળાના વિજેતા વિદ્યાર્થીઓમાં ગ્રુપ સોંગ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ - ધોરણ ૭ના માસ્ટર પ્રણવ મિશ્રા, માસ્ટર રિષભકુમાર યાદવ, ધોરણ ૮ના માસ્ટર સાઈ બાપુ સુરવડે, માસ્ટર રાજ ખીચડા, માસ્ટર યજુર્વેદ મિશ્રા, માસ્ટર ગમનસિંહ તથા કુમારી વૈભવી પટેલ. ધોરણ૧૧ના માસ્ટર રુદ્રદીપ આચાર્ય, કુમારી ગૌરી શ્રીવાસ્તવ અને કુમારી વિદુષી મિશ્રા, રંગોળી સ્પર્ધામાં ધોરણ ૧૦ની ત્રિશા પ્રજાપતિએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

આ સફળતાથી ગર્વ અનુભવતા સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

## સંઘપ્રદેશ થ્રીડીના ભાજપા પ્રદેશ પ્રભારીની નિયુક્તિ કરાઈ

**દમણ, તા.૨૩ :** ભારતીય જનતા પાર્ટીના મહિલા નેતા વર્ષાબેન દોશીની દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશના પ્રદેશ પ્રભારી તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીનજી દ્વારા તેમની નિયુક્તિ કરવામાં આવી છે. આ જવાબદારી તાત્કાલિક અસરથી અમલમાં આવશે.



વર્ષાબેન દોશી ગુજરાતના વઢવાણ વિધાનસભા મતવિસ્તારનું વર્ષ ૨૦૦૭થી ૨૦૧૭ સુધી પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે અને બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતાં.

રાજકારણમાં સક્રિય થતાં પહેલાં તેઓ શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. વર્ષ ૨૦૦૪માં તેમને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ભાજપના સંગઠનમાં પણ તેમણે વિવિધ મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે. ઓગસ્ટ ૨૦૨૬માં તેમને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. હાલમાં તેઓ ભાજપ સંગઠનમાં આણંદ જિલ્લા પ્રભારી તરીકે પણ જવાબદારી સંભાળી રહ્યા છે. વર્ષાબેન દોશીના રાજકીય, સંગઠનાત્મક અને શૈક્ષણિક ક્ષેત્રના બહોળા અનુભવને ધ્યાનમાં રાખીને તેમને દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશની જવાબદારી સોંપવામાં આવી છે.

## વાપી રજ્જુ શ્રોફ રોફેલ યુનિ.ના લાઈબ્રેરિયન પીએચડી થયા



**વાપી, તા.૨૩ :** રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના ડૉ. રાજેશસિંહ ભગવાનસિંહ સોલંકીએ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ વિષયમાં ડૉક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.)ની પદવી પ્રાપ્ત કરી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા જાહેર કરાયેલા Ph.D. નોટિફિકેશન નં. ૩૩૦૭ અનુસાર, રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીમાં લાઈબ્રેરિયન તરીકે ફરજ બજાવતા ડૉ. રાજેશસિંહ સોલંકીને પીએચ.ડી.ની પદવી માટે યોગ્ય જાહેર કરવામાં આવ્યા છે.

ડૉ. રાજેશસિંહ સોલંકીએ સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણના સાર્વજનિક મધ્યસ્થ ગ્રંથાલયોનો તુલનાત્મક અભ્યાસ વિષય પર સંશોધન કાર્ય કર્યું છે. તેમના સંશોધન કાર્યના માર્ગદર્શક તરીકે ડૉ. હરિભાઈ પી. ટંડેલ, ગ્રંથપાલ અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટ્યુટ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરત રહ્યા હતાં. આ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રની સિદ્ધિ બદલ રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ, યુનિવર્સિટીના અધ્યાપકગણ, સ્ટાફ તથા ટ્રસ્ટીઓએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ધોલાઈ બંદરે મરીન ટાસ્ક ફોર્સ અને ફિશરીઝ વિભાગનું સ્વચ્છતા અભિયાન

**બીલીમોરા,તા.૨૩ :** ‘સેવા સંકલ્પ અભિયાન’ અને ‘સ્વચ્છતા હી સેવા’ અંતર્ગત બીલીમોરા નજીક ધોલાઈ બંદરે બુધવારે નવસારી મરીન ટાસ્ક ફોર્સ અને ફિશરીઝ વિભાગના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા અભિયાન થકી સ્વચ્છતા કરાઈ હતી.

મરીન કમાન્ડો, ફિશરીઝ વિભાગના કર્મચારીઓ, બોટ એસોસિયેશનના હોદ્દેદારો, શાળાના વિદ્યાર્થીઓ તથા સ્થાનિક ગ્રામજનોએ બંદર વિસ્તારમાં સફાઈ હાથ ધરી હતી. જેમાં પ્લાસ્ટિકનો કચરો, બોટલો સહિતનો કચરો એકત્ર કરી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ સાથે બંદર વિસ્તારમાં ગંદકી ન ફેલાવવા તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા અંગે સ્થાનિક લોકોને જાગૃત કરવામાં આવ્યા હતાં. નવસારી મરીન ટાસ્ક ફોર્સના પોલીસ ઈન્સ્પેક્ટર યુ.જે. પટેલ, ફિશરીઝ વિભાગના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક બિંદુબેન પટેલ, ધોલાઈ બંદરના મદદનીશ મત્સ્યોદ્યોગ અધિક્ષક જીતેન્દ્ર ટંડેલ, બોટ



એસોસિયેશનના પ્રમુખ ઈશ્વરભાઈ ટંડેલ, સરપંચ રક્ષાબેન ટંડેલ સહિતના આગેવાનો અને ગ્રામજનો જોડાયા હતાં.

## વાપીના રામદેવ મંદિરે નેજા મહોત્સવ અને મહાપ્રસાદ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** વાપીના રામદેવ મંદિર ખાતે નેજા મહોત્સવ અને ભવન કાર્યક્રમ સાથે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું જેમાં હજારોની સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો.

વાપીના નામધા રોફેલ કોલેજ રોડ જનસેવા સર્કલ પાસે આવેલ અને શ્રી રામદેવ ચેરીટેબલ ટ્રસ્ટ વાપી દ્વારા સંચાલિત રામદેવપીર મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ છેલ્લા ૧૫ દિવસથી જન્માષ્ટમી અને ત્યારબાદ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ગઈકાલે શ્રી નેજા મહોત્સવ દરમિયાન સંગીત સંધ્યા અને ગાયક કલાકારોના સુરીલા અવાજ સાથે સાંજે શરૂ થયેલા કાર્યક્રમ વહેલી સવારમાં પૂર્ણ થયો હતો. ત્યારબાદ તા.૨૧-૯-૨૦૨૬ને



સોમવારના રોજ મંદિર પરિસરમાં હવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને શ્રીફળની આહુતિ આપ્યા બાદ સવારે ૧૧ થી બપોરે ત્રણ વાગ્યા સુધી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ હજારો ભક્તોએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી રામદેવ ચેરીટેબલ ટ્રસ્ટ વાપીના ટ્રસ્ટી અમૃતભાઈ સોની અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે મહાપ્રસાદ માટે દાતાઓએ ખુલ્લા હાથે દાન પણ આપ્યું હતું.

# અન્ય સમાચારો

Thursday 24, September 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 24, September 2026

## પરીક્ષામાં ગેરરીતિ સામે શિક્ષકો મૌન થઈ જશે ?

દેશની શિક્ષણ વ્યવસ્થાને લાગેલા વિવાદના ગ્રહણનો કોઈ અંત જણાતો નથી. સીજેપીના આંદોલનની અસરો હજી વર્તાઈ રહી છે, તેવામાં આઈઆઈટી બોમ્બેને સાંકળતા એક ગંભીર બનાવે દેશનાં ઉચ્ચશિક્ષણ માળખાં સામે ચિંતાજનક સવાલ ખડા કર્યા છે. પરીક્ષા દરમ્યાન એક વિદ્યાર્થીને મોબાઈલ ફોનના ઉપયોગ બદલ પકડવામાં આવતાં તેણે આત્મહત્યા કરી લીધી હોવાના ઘટનાક્રમે વિરોધ અને પ્રતિવિરોધનો કડવાશભર્યો માહોલ ખડો કરી દીધો છે. આમ તો કોઈ પણ પરીક્ષામાં ગેરરીતિ ચલાવી લઈ શકાય નહીં. આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં આવા બનાવને કોઈ શિક્ષક રોકે તેમાં કોઈને વાંધો હોઈ શકે નહીં. સાથોસાથ વિદ્યાર્થીએ મોબાઈલ વડે પરીક્ષાના સવાલોના જવાબ મેળવવાની જે ચેષ્ટા કરી તે અંગે સંસ્થાને જાહેર કરેલા નિવેદન મુજબ વિદ્યાર્થીની સામે તાત્કાલિક કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. શિક્ષક અને વિભાગીય વડાએ વિદ્યાર્થી સાથે વાત પણ કરી હતી અને તેને હૈયાધારણ અપાઈ હતી કે, આ બનાવથી તેની કારકિર્દી પર કોઈ અવળી અસર પડશે નહીં, તેમ છતાં વિદ્યાર્થીએ આત્મહત્યાનો માર્ગ લેતા સ્વભાવિક રીતે જ ભારે ચકચાર જાગી છે. ઘટના એવી છે કે, વિદ્યાર્થી પરીક્ષામાં મોબાઈલ ફોન ઉપર - ચેટજીપીટીની મદદ લઈ રહ્યો હતો, ત્યારે પ્રોફેસરે તેને પકડયો અને પરીક્ષા ખંડમાંથી બહાર જવા જણાવ્યું. વિદ્યાર્થીએ હોસ્ટેલમાં જઈને આપઘાત કર્યો. પોલીસ તપાસ શરૂ થયા પછી આઈઆઈટીએ પરીક્ષામાં ચોરી કરવામાં આવી હોવાનું નિવેદન પાછું ખેંચી લીધું, જેથી પોલીસ તપાસમાં તેની અસર પડે નહીં. આ સાથે જ સંબંધિત પ્રોફેસરને કામચલાઉ ફરજમુક્ત કરવામાં આવ્યા છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સામસામે આવ્યા છે અને શાંતિપૂર્વક દેખાવો કર્યા છે, પણ કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી-રિપબ્લિકન પાર્ટી તથા ડાબેરી વિદ્યાર્થી સંઘ પણ જોડાયા છે. જો કે, સમયસર પોલીસની હાજરી અને બંને પક્ષે સદ્ભાગ્યે જાળવેલા સંયમના પરિણામે જંતરમંતરનું પુનરાવર્તન થયું નથી. આમ તો પરીક્ષામાં ગેરરીતિઓ રોકવી એ શિક્ષકનું કામ હોય છે, પણ વિદ્યાર્થીએ અત્મહત્યા કરી લીધા બાદ આઈઆઈટી બોમ્બેના આખાં કેમ્પસમાં ભારે સ્ફોટક વાતાવરણ સર્જાયું હતું.

# SIR પ્રક્રિયા વિવાદ : ચૂંટણી પંચે વિપક્ષના તમામ આક્ષેપો ફગાવ્યા




દમણગંગા ટાઈમ્સ

નવી દિલ્હી, તા. ૨૩ : ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલી SIR પ્રક્રિયાને લઈને અત્યારે રાજકીય વિવાદ શરૂ થઈ રહ્યો છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટી સાથે તમામ વિપક્ષી પાર્ટીઓ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો વિરોધ કરી રહ્યાં છે. ખાસ કરીને વિરોધી પાર્ટીઓ વતીથી અરવિંદ કેજરીવાલ, અખિલેશ યાદવ અને સુપ્રિયા સુળે દ્વારા ચૂંટણી પંચની નિષ્પક્ષતા પર સવાલો કર્યા છે. આ સમગ્ર વિવાદમાં હવે ચૂંટણી પંચ દ્વારા જવાબ આપવામાં આવ્યો છે. ચૂંટણી પંચનું કહેવું છે, અમે બંધારણ પ્રમાણે જ કામ કરી રહ્યાં છે.

વિપક્ષના વિરોધ વચ્ચે ચૂંટણી પંચની સ્પષ્ટતા

વિપક્ષી પાર્ટીઓએ ચૂંટણી પંચ અને મુખ્ય ચૂટંણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર આક્ષેપ લગાવ્યો છે કે, તેઓ ભાજપના ઈશારે કામ કરી રહ્યાં છે. જેથી ચૂંટણી પંચે સ્પષ્ટપણે કહ્યું કે, તમામ નિર્ણય બહુમતીથી જ લેવામાં આવ્યાં છે.

વિપક્ષ દ્વારા માત્ર કેટલાક મુદ્દાઓ જ જાહેર કરવામાં આવ્યાં છે. જ્યારે વાસ્તવિકતા અલગ હોવાનો ચૂંટણી પંચે દાવો કર્યો છે. ચૂંટણી પંચ દ્વારા આ સમગ્ર વિવાદમાં એક પ્રેસ નોટ જાહેર કરીને પોતાનો પક્ષ રાખ્યો છે અને આ વિવાદની એક બીજી હકીકત પર પ્રકાશ પાડ્યો છે.

ચૂંટણી પંચે જાહેર કરેલી પ્રેસ નોટમાં શું ખુલાસો કર્યો?

પ્રેસ નોટમાં લખ્યું છે કે, ભારતીય ચૂંટણી પંચ (ECI) એ બંધારણની કલમ ૩૨૪ હેઠળ કાર્યરત એક બંધારણીય સંસ્થા છે. લેખિત નોંધો, ચર્ચાઓ અને આંતરિક નિયંત્રણ અને સંતુલન પદ્ધતિનો ઉપયોગ તેની પ્રમાણભૂત કાર્યપદ્ધતિનો ભાગ છે. ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવતા તમામ સત્તાવાર આદેશો અને નિર્ણયો યોગ્ય કાનૂની પ્રક્રિયાને અનુસરે છે અને મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર અધિનિયમ, ૨૦૨૩ને અનુરૂપ હોય છે.

આ પ્રેસ નોટમાં ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલી લગભગ ૪૦ નવી પહેલોની વાત કરવામાં આવી છે. ખાસ કરીને SIR નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાં તમામ નિર્ણયો સંપૂર્ણ પંચની સર્વસંમતિથી લેવામાં આવ્યા હોવાનો ખુલાસો પણ કરવામાં આવ્યો છે.

શું છે આ સમગ્ર વિવાદ?

એક મીડિયા સંસ્થાન દ્વારા પ્રકાસિત કરવામાં આવેલા રિપોર્ટના કારણે આ વિવાદ શરૂ થયો છે.

આ રિપોર્ટ પ્રમાણે એસઆઈઆરને લઈને બે ચૂંટણી કમિશનર એસ.એસ. સંધુ અને ડૉ. વિવેક જોશીએ વિરોધ નોંધાવ્યો હતો. એટલું જ નહીં, પરંતુ છેલ્લા ૧૦ મહિનામાં ૧૪ વખત મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર પણ લખવામા આવ્યો હતો, જેમાં ફોર્મ નંબર ૬માં ફેરફાર અને ECInet સોફટવેર અંગે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. દાવો એવો પણ કરવામાં આવ્યો કે, જ્ઞાનેશ કુમાર દ્વારા આ પત્રોની અવગણના કરવામાં આવી હતી, જેથી આ મુદ્દે હવે વિપક્ષ દ્વારા પણ ખૂબ વિરોધ કરવામાં આવી રહ્યો છે.

## ચક્રવાત અર્નાબ: ઓડિશા-આંધ્રપ્રદેશમાં ભારે વરસાદનું એલર્ટ

**રાત્રે લેન્ડફોલ પહેલાંજ ઓડિશામાં ૫,૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા**

(જી.એન.એસ) તા. ૨૩

બંગાળની ખાડીમાં સર્જાયેલા 'ડીપ ડિપ્રેશન' (હવાના ઓછા દબાણના ઊંડા ક્ષેત્ર) ની અસર હેઠળ ઓડિશા અને આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ અને પ્રતિકૂળ હવામાનની સ્થિતિ જોવા મળી હતી. ચક્રવાત 'અર્નાબ'ના આગમન (લેન્ડફોલ) પહેલાં પૂર અને ભૂસ્ખલન અંગે અનેક જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

ઓડિશામાં, ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઙ્ઘ) એ કોરાપુટ માટે ૨૩ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બરની સવાર સુધી 'રેડ વોર્નિંગ' જાહેર કરી છે અને ૨૩ તથા ૨૪ સપ્ટેમ્બરે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જિલ્લા વહીવટીતંત્રે તૈયારીના પગલાં સઘન બનાવ્યા છે, જેમાં ચાર ડેમમાં જળસ્તર પર નજીકથી નજર રાખવી અને નીચાણવાળા વિસ્તારોમાં પૌઆ (ચૂડા), ગોળ અને દવાઓ જેવી આવશ્યક રાહત સામગ્રીનો સંગ્રહ કરવાનો સમાવેશ થાય છે.

ચક્રવાત 'અર્નાબ'ના લેન્ડફોલનો સમય અને સ્થળ

ૈંસ્ઙ્ઘ અનુસાર, આ 'ડીપ ડિપ્રેશન' આંધ્રપ્રદેશ-ઓડિશાના કિનારા તરફ લગભગ ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું હતું. સવારે ૧૧:૩૦ વાગ્યે તે આંધ્રપ્રદેશના કલિંગાપટનમથી અગ્નિ-દક્ષિણ-પૂર્વ (જૈંરીટ્ઠજં) દિશામાં લગભગ ૫૦ કિમી, વિશાખાપટ્ટનમથી પૂર્વ-ઉત્તર-પૂર્વ દિશામાં ૧૨૦ કિમી, ગોપાલપુરથી દક્ષિણ દિશામાં ૧૫૦ કિમી અને પુરીથી દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ દિશામાં ૨૪૦ કિમી દૂર કેન્દ્રિત હતું.

આ 'ડીપ ડિપ્રેશન' બુધવારે રાત્રે મધ્યરાત્રિની આસપાસ કલિંગાપટનમ નજીક, વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના કિનારા પર લેન્ડફોલ કરે તેવી આગાહી કરવામાં આવી છે. ઓડિશામાં 'રેડ એલર્ટ': શાળાઓ-કોલેજો બંધ, ૫,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર

મલકાનગિરીમાં શાળાઓ, કોલેજો અને આંગણવાડી કેન્દ્રો ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. ખોરધા, નબરંગપુર, ગંજામ, કોરાપુટ, રાયગડા અને બોલાંગીરની શૈક્ષણિક સંસ્થાઓ ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરે બંધ રહેશે, જ્યારે જગતસિંહપુર, પુરી અને કાલાહાંડીની સંસ્થાઓ ૨૩ સપ્ટેમ્બરે બંધ રહેશે.

## વિપક્ષોની CECની ધરપકડ અને અનેક રાજ્યોમાં ફરી ચૂંટણીની માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને પંચની આંતરિક કામગીરીને લઈને પ્રકાશિત થયેલા એક અહેવાલ બાદ દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ (TMC) સહિતના વિપક્ષના અનેક નેતાઓએ અલગ-અલગ માગણીઓ સાથે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) સામે મોરચો માંડી તેમના રાજીનામા, ધરપકડ અને તાજેતરની ચૂંટણીઓ રદ કરવાની આકરી માગણી કરી છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ આ તમામ આક્ષેપોને જનાદેશ ગુમાવી ચૂકેલા પક્ષોની હતાશા ગણાવીને ફગાવી દીધા છે, જ્યારે ચૂંટણી પંચે પોતાના તમામ નિર્ણયો સર્વસંમતિ અને નિયમો અનુસાર લેવાયા હોવાની સ્પષ્ટતા કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન પર સીધા પ્રહારો કરતાં જણાવ્યું કે, વિપક્ષ લાંબા સમયથી ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઉઠાવી રહ્યો હતો અને હવે પંચની અંદરથી જ તેની પુષ્ટિ થઈ ગઈ છે. તેમણે દાવો કર્યો કે, જીંઇના પ્રથમ ત્રણ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૩.૮ કરોડ નામો ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત કરી દેવાયા છે. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ૭૩ વિપક્ષી સાંસદો દ્વારા સીઈસીને હટાવવા માટે રાજ્યસભામાં નોટિસ અપાઈ હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે વડાપ્રધાન પાસેથી જવાબ માંગ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ વકીલ અને સાંસદ અભિષેક મનુ સિંઘવીએ પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો કે, ભાજપે લોકશાહીની હત્યા કરવાનું કાર્યાલય ખોલી નાખ્યું છે. ચૂંટણી પંચમાં 'આંતરિક બુલડોઝર' ચલાવવામાં આવી રહ્યું છે અને બંને કમિશનરોની અસહમતિની તમામ નોંધ તાત્કાલિક જાહેર થવી જોઈએ. તેમણે ઉમેર્યું કે ફોર્મ-૬ માં કરાયેલા ફેરફારો ગેરકાયદેસર છે અને પશ્ચિમ બંગાળમાં યાદી સુધારણા બાદ ૩૮ લાખથી વધુ અપીલો દાખલ થઈ છે. સિંઘવીએ સીઈસીના રાજીનામાની માગણી કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી એ સોશિયલ મીડિયા પર પ્રહાર કરતાં જણાવ્યું કે મતની ચોરી એ દેશના નાગરિકો સામેનો ગુનો અને બંધારણ પર સીધો હુમલો છે. તેમણે BJP, RSS અને ચૂંટણી પંચ પર મત ચોરી કરીને દેશદ્રોહનું કામ કરવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે ન્યાય જરૂર થશે.

દમણગંગા ટાઈમ્સ

CORPORATE NEWS

## ટાટા એઆઈએ એ મોમેન્ટમ વેલ્યુ ૫૦ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

**સુરત, તા. ૨૩ :** ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સે આજે ટાટા એઆઈએ મોમેન્ટમ વેલ્યુ ૫૦ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એક યુનિટ-લિંક્ડ ઈન્વેસ્ટમેન્ટ વિકલ્પ છે, જે બે જાણીતા રોકાણ અભિગમો મોમેન્ટમ ઈન્વેસ્ટિંગ અને વેલ્યુ ઈન્વેસ્ટિંગનું મિશ્રણ કરીને ડાયવર્સિફાઈડ ઈક્વિટી એક્સપોઝરની તક પૂરી પાડવા માટે બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગ્રાહકોને બજારમાં ઊભી થતી તકોમાં ભાગ લેવાની સાથે જીવન વીમા સુરક્ષાનો વધારાનો લાભ પણ મળશે. એનએફઓ સમયગાળો ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી. એનએવી પર ઈશ્યૂ કરવામાં આવનાર યુનિટની કિંમત રૂ. ૧૦. આ ફંડ બીએસઈ ૫૦૦ના યુનિવર્સમાંથી મોમેન્ટમ અને વેલ્યુના લક્ષણોના આધારે કંપનીઓની પસંદગી કરે છે.

ફંડનું બેન્ચમાર્ક બીએસઈ ૫૦૦ મોમેન્ટમ વેલ્યુ ૫૦ ઈન્ડેક્સ (કસ્ટમાઈઝ્ડ) રહેશે. એસેટ એલોકેશન ૮૦ ટકા-૧૦૦ ટકા ઈક્વિટી અને ઈક્વિટી સંબંધિત ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં, ૦ ટકા-૨૦ ટકા રોકડ, મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને મ્યુચ્યુઅલ ફંડ્સમાં બદલાતી રોકાણકાર જરૂરિયાતોને અનુરૂપ.

## મીરાબાઈ ચાનુંએ સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો




(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩ : મિરાબાઈ ચાનુએ આખરે એશિયન ગેમ્સમાં મેડલ જીતવાનું સપનું પૂરું કર્યું છે. ૪૯ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં મિરાબાઈએ ભારત માટે સિલ્વર મેડલ જીત્યો છે. મીરાબાઈ ચાનુએ સ્નેચ ઈવેન્ટમાં ૮૭ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. જ્યારે ક્લીન એન્ડ જર્કમાં તેમણે ૧૧૧ કિલોગ્રામ વજન ઉઠાવ્યું હતું. આમ, કુલ ૧૯૮ કિલોગ્રામ વજન સાથે તેઓ બીજા સ્થાને રહ્યાં હતાં.

૧૯૯૮ બાદ આ ઈવેન્ટમાં ભારતનો આ પ્રથમ મેડલ છે. ઓલિમ્પિક મેડલ વિજેતા કર્ણમ મલ્લેશ્વરીએ ૨૮ વર્ષ પહેલાં બેંગકોકમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. મિરાબાઈ ચાનુએ ટોક્યો ઓલિમ્પિક્સમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો. તેઓ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલની હેટ્રિક પણ નોંધાવી ચૂક્યાં છે. તેમની પાસે લગભગ દરેક મોટા ઈવેન્ટનો મેડલ હતો, પરંતુ એશિયનગેમ્સનો મેડલ બાકી હતો. ચાનુએ પહેલીવાર ૨૦૧૪ની એશિયન ગેમ્સમાં ભાગ લીધો હતો, જ્યાં તેઓ નવમા સ્થાને રહ્યાં હતાં. ત્યારબાદ ૨૦૧૮ની જકાર્તા એશિયન ગેમ્સમાં ઈજાના કારણે તેઓ ભાગ લઈ શક્યાં નહોતાં. જ્યારે ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં તેઓ મેડલ જીતવાથી માત્ર એક સ્થાન દૂર રહ્યાં હતાં અને ચોથા સ્થાને રહ્યાં હતાં. હવે ૨૦૨૬માં સિલ્વર મેડલ સાથે મિરાબાઈની મેડલ કેબિનેટ પૂર્ણ થઈ ગઈ છે.

## RBIનો મોટો નિર્ણય : ૨૭ સપ્ટેમ્બર રવિવારે પણ બેંકો રહેશે ખુલ્લી

**UFBU એ ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર, એમ કૂલ ત્રણ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૩

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ તમામ બેંકોને ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ એટલે કે રવિવારે બેંક શાખાઓ, ઓફિસો, ATM લિંક્ડ બ્રાન્ચ અને કરન્સી ચેસ્ટ ખોલવાની મંજૂરી આપી દીધી છે. નોંધનીય છે કે, યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) એ ૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર, એમ કૂલ ત્રણ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. આ પહેલા ૨૬ સપ્ટેમ્બર શનિવાર અને ૨૭ સપ્ટેમ્બર રવિવારની રજા હતી. જો બેંકો રવિવારે પણ બંધ રહેતી તો ગ્રાહકોને ૫ દિવસ સુધી બેંકિંગ સેવાઓથી વંચિત રહેવું પડતું. જેના પગલે ગ્રાહકોની સુવિધાને ધ્યાનમાં રાખીને રવિવારે બેંક ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. RBIએ ઈન્ડિયન બેંક્સ એસોસિએશનને લખેલા પત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે, જનતાની વાસ્તવિક બેંકિંગ જરૂરિયાતો પર કોઈ વિપરીત અસર ન પડે, તેથી ૨૭ સપ્ટેમ્બરના રોજ બેંક શાખાઓ અને કરન્સી ચેસ્ટ સંપૂર્ણપણે ચાલુ રાખી શકાય છે. બેંકોને કાયદાકીય જોગવાઈઓનું પાલન કરીને આ વ્યવસ્થા કરવા જણાવ્યું છે. ખાનગી ક્ષેત્ર અને વિદેશી બેંકોના કરન્સી ચેસ્ટની યાદી પણ અલગથી મોકલી દેવાઈ છે.

UFBUની ત્રણ દિવસની હડતાળને કારણે ૨૮ થી ૩૦ સપ્ટેમ્બર સુધી બેંકો બંધ રહેવાની શક્યતા છે. આ પહેલા બે દિવસની રજા ઉમેરીને ગ્રાહકોને લગભગ પાંચ દિવસ સુધી બેંકિંગ સેવાઓ ન મળવાનો ખતરો હતો. આરબીઆઈએ આ બાબતને ધ્યાનમાં રાખીને રવિવારે બેંક ખોલવાની મંજૂરી આપી છે જેથી લોકોને વધુ મુશ્કેલી ન પડે. ગ્રાહકોને સલાહ અપાઈ છે કે જરૂરી કામ જેમ કે રોકડ ઉપાડવા, જમા કરાવવા અથવા અન્ય લેણદેણ ૨૭ સપ્ટેમ્બરના રોજ પતાવી લે, કારણ કે તે પછી ત્રણ દિવસ સુધી બેંકો બંધ રહી શકે છે.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના ઉપલક્ષમાં

## એકતા નગરથી વડોદરા સુધી હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું



દમણગંગા ટાઈમ્સ

વડોદરા, તા. ૨૨ : કેવડિયા ખાતે યોજાયેલા ૭૨મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં હાજરી આપનારા પુરસ્કાર વિજેતાઓ, ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજ મહેમાનો અને અન્ય વિશિષ્ટ આમંત્રિતોની મુસાફરીને સુવિધાજનક બનાવવા માટે, પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા એકતા નગર સ્ટેશનથી વડોદરા સુધી હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વિશેષ ટ્રેન રાત્રે ૯ વાગ્યે એકતા નગર સ્ટેશનથી રવાના થઈ હતી. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહના ઉપલક્ષમાં આયોજિત આ વિશેષ રેલ યાત્રાનો ઉદ્દેશ્ય માત્ર મહેમાનોને મુસાફરીનો સુવિધાજનક અનુભવ પૂરો પાડવાનો જ નહીં, પરંતુ તેમને ભારતના સમૃદ્ધ અને ભવ્ય રેલવે વારસાથી પરિચિત કરાવવાનો પણ હતો. આ હેરિટેજ સ્પેશિયલ ટ્રેન ભારતીય રેલવેના વારસા, આધુનિક ટેકનોલોજી અને પર્યટન વચ્ચેના સમન્વયનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડે છે. ટ્રેનની વિશિષ્ટ ડિઝાઈન અને સંચાલન દ્વારા વરાળથી ચાલતા એન્જિનો (સ્ટીમ એન્જિન)ના સુવર્ણ યુગનો અનુભવ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આધુનિક ઈલેક્ટ્રિક સિસ્ટમથી સંચાલિત હોવા છતાં, આ ટ્રેનમાં વરાળ અને ધુમાડાની વિશેષ અસરો (સ્ટીમ અને સ્મોક ઈફેક્ટ્સ) તેમજ હોર્ન સિસ્ટમની સુવિધા છે, જે જૂના જમાનાના સ્ટીમ એન્જિનોની યાદ અપાવે છે. મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને કોચમાં આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. આ ટ્રેનમાં છ કોચ છે, જેમાં પેન્ટ્રીની સુવિધા અને એક આકર્ષક સેલ્ફી પોઈન્ટનો સમાવેશ થાય છે. ખાસ ડિઝાઈન કરાયેલા કોચ મુસાફરોને આરામદાયક અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે.

ટ્રેન નંબર ૦૯૪૦૯ અમદાવાદ-એકતા નગર સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ દર શનિવારે અને રવિવારે સવારે ૦૬:૧૦ વાગ્યે અમદાવાદથી ઉપડે છે અને સવારે ૦૯:૫૦ વાગ્યે એકતા નગર પહોંચે છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૦ એકતા નગર-અમદાવાદ સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ દર શનિવારે અને રવિવારે રાત્રે ૮:૩૫ (૨૦:૩૫) વાગ્યે એકતા નગરથી ઉપડે છે અને બીજા દિવસે મધ્યરાત્રિએ ૧૨:૦૫ (૦૦:૦૫) વાગ્યે અમદાવાદ પહોંચે છે. આ ટ્રેન બંને દિશામાં વડોદરા સ્ટેશન પર રોકાય છે. હેરિટેજ સ્પેશિયલ ટ્રેનની આ વિશેષ યાત્રા મહેમાનો માટે દેશના વારસા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલો એક અનુકૂળ, યાદગાર અને અનોખો રેલ અનુભવ સાબિત થયો.

## આતંકવાદને સમર્થન આપતા દેશોની યાદીનો હવે હિસ્સો નથી : સીરિયાના રાષ્ટ્રપતિ

(જી.એન.એસ) તા. ૨૩ : સીરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શરાએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (ેંદ્ગય્છ)માં તેમના સંબોધન દરમિયાન કહ્યું કે તેમનો દેશ 'હવે આતંકવાદને સમર્થન આપતા દેશોની યાદીનો હિસ્સો નથી'. સીરિયાના રાષ્ટ્રપતિ અહેમદ અલ-શરાએ બુધવારે સવારે (સ્થાનિક સમય મુજબ) સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના બીજા દિવસની શરૂઆત તેમના સંબોધન સાથે કરી હતી. તેમણે કહ્યું, "ગયા વર્ષે મેં ઉલ્લેખ કર્યો હતો કે સીરિયા પાછું ફર્યું છે; આ વખતે હું કહું છું કે સીરિયા પ્રગતિ કરી રહ્યું છે (ઉન્નતિના પંથે છે)."

સીરિયામાં વિદેશી રોકાણ અને પુનઃનિર્માણ માટેના મુખ્ય કાનૂની અને નાણાકીય અવરોધોને દૂર કરવામાં મદદ કરવા માટે યુ.એસ. ટ્રેઝરી વિભાગે સંબંધિત આર્થિક પ્રતિબંધો હટાવી લીધા છે.

ડિસેમ્બર ૨૦૨૪માં બશર અલ-અસદને સત્તા પરથી હટાવ્યા બાદ, વોશિંગ્ટન અને અલ-શરાના નેતૃત્વ હેઠળની નવી સીરિયન સરકાર વચ્ચે ગાઢ થતા સંબંધો આ પગલામાં પ્રતિબિંબિત થાય છે.

## પરમાણુ ઊર્જા અમારો અધિકાર : ઈરાની રાષ્ટ્રપ્રમુખ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૩

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં ઈરાનના રાષ્ટ્રપ્રમુખે અમેરિકા અને ઈઝરાયેલ સામે આકરા પ્રહારો કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ દ્વારા ઈરાનને આતંકવાદનું સમર્થક ગણાવવા મામલે વળતો પ્રહાર કરતાં ઈરાને સ્પષ્ટ કહ્યું છે કે, ઈરાન પોતે આતંકવાદનો ભોગ બન્યું છે અને પરમાણુ ઊર્જા મેળવવી એ ઈરાનનો મૂળભૂત અધિકાર છે. ઈરાની રાષ્ટ્રપ્રમુખનું ભાષણ શરૂ થતાં જ અમેરિકી પ્રતિનિધિમંડળ સભાખંડ છોડીને બહાર નીકળી ગયું હતું. ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાનએ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્રમાં આપેલા ભાષણમાં ઈરાનને આતંકવાદનું મોટું સ્પોન્સર ગણાવી તેના આર્થિક બહિષ્કારની અપીલ કરી હતી તેમજ કરાર ન થવા પર સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપી હતી. ટ્રમ્પના આ નિવેદનના જવાબમાં પેઝેશ્કિયાને જણાવ્યું કે, 'ટ્રમ્પે ઈરાનને આતંકવાદી ગણાવ્યું, જ્યારે વાસ્તવિકતા એ છે કે, ઈરાન ખુદ આતંકવાદ સામે લડી રહ્યું છે અને પોતાના રક્ષણ માટે મજબૂતીથી ઊભું છે. આધુનિક ટેક્નોલોજી અને હથિયારોથી હુમલા થવા છતાં ઈરાને ક્યારેય ઘૂંટણ ટેકવ્યા નથી.' પોતાના સંબોધન દરમિયાન પેઝેશ્કિયાને સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા અને ઈરાનની એક શાળા પર થયેલા હુમલાનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સભામાં નિર્દોષ બાળકોની તસવીરો બતાવતાં કહ્યું કે, 'આ બાળકોએ કોઈ ગુનો કર્યો નહોતો, છતાં અમેરિકન અને ઈઝરાયેલી હથિયારોથી થયેલા હુમલામાં તેમણે જીવ ગુમાવવો પડ્યો હતો. આવા હિંસક કૃત્યો આચરનારા અને તેમને તાલીમ આપનારા વાસ્તવિક આતંકવાદી છે, જ્યારે ઈરાન માત્ર પોતાનો સ્વબચાવ કરી રહ્યું છે.' ઈરાની રાષ્ટ્રપ્રમુખે ઈઝરાયેલ પર સામાન્ય નાગરિકોને નિશાન બનાવીને હત્યા કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. તેમણે ગાઝાની સ્થિતિનો સંદર્ભ આપતાં દાવો કર્યો કે, ગાઝામાં ૮૦ હજારથી વધુ નિર્દોષ નાગરિકો માર્યા ગયા છે. આ સાથે તેમણે મિનાબમાં સ્કૂલી બાળકો અને નાગરિક વિસ્તારો પર અગાઉ થયેલા હુમલાઓનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. હોર્મુઝ, ન્યુક્લિયર એનર્જી અને લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો અંગે વાત કરતાં તેમણે સ્પષ્ટ કર્યું કે, પરમાણુ ઊર્જા વિકસાવવાનો ઈરાનને સંપૂર્ણ અધિકાર છે અને કોઈપણ દબાણ સામે દેશ ઝૂકશે નહીં.

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

## કુંતા કુદરતી કાંસમાં શુદ્ધ પાણીની જગ્યાએ ગટરના ગંદા પાણી : તંત્ર નિંદ્રાધીન!





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી વાપી મહાનગર પાલિકામાં ભેળવવામાં આવેલા ૧૧ ગામોમાં પૌરાણિક કુંતેશ્વર મહાદેવ મંદિર ધરાવતા કુંતા ગામનો પણ સમાવેશ થાય છે. આ ગામની ઓળખ સમાન કુદરતી કાંસ આજે પ્રદૂષણના કારણે અસ્તિત્વ ગુમાવી રહી છે. જ્યાં એક સમયે કુદરતી કાંસમાંથી ચોખ્ખું વરસાદી પાણી વહેતું હતું, ત્યાં આજે બારેમાસ ગટરનું દુર્ગંધ મારતું ગંદુ પાણી વહી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પહેલા આ કાંસનું પાણી ગ્રામજનો અને ઢોર-ઢાંખર પીવા માટે ઉપયોગ કરતા હતા. વર્ષો પહેલા કુદરતી ખનકી ઉપર નાના ચેકડેમ પણ બનાવવામાં આવ્યા હતા, જેના કારણે પાણીનો સંગ્રહ થતો અને ખેતી માટે ખૂબ ઉપયોગી બનતું હતું. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ વિસ્તારમાં મોટા મોટા હાઉસિંગ પ્રોજેક્ટ, એપાર્ટમેન્ટ અને બંગલોઝ આકાર પામતા કાંસની હાલત બદતર થઈ ગઈ છે. હવે તો ચેકડેમ પણ તૂટી-ફૂટી ગયા છે અને આખી ખનકી ગટરમાં ફેરવાઈ ગઈ છે. આ ગંભીર સમસ્યા માટે નવનિર્મિત રહેણાંક સોસાયટીઓ અને એપાર્ટમેન્ટ જવાબદાર હોવાનું જાણકારોનું માનવું છે. આ સોસાયટીઓ અને બંગલાઓનું રોજિંદુ ગંદુ પાણી કોઈપણ ટ્રીટમેન્ટ વગર સીધું જ કુદરતી કાંસમાં ઠલવાઈ રહ્યું હોવાની સ્થાનિકોમાં ભારે બૂમરાણ છે. હવે આ પાણી પીવા લાયક તો ઠીક, ખેતી કે અન્ય કોઈ ઉપયોગ માટે પણ રહ્યું નથી. આશ્ચર્યની વાત એ છે કે આ ગંભીર બાબતે સિંચાઈ વિભાગ કે મહાનગર પાલિકાનો એક પણ અધિકારી સ્થળ નિરીક્ષણ કરવા ફરક્યો નથી. જ્યારે કુદરતી કાંસ, નદી, તળાવને પ્રદૂષિત કરવા બાબતે સુપ્રીમ કોર્ટની કડક ગાઈડલાઈન લાગુ છે, ત્યારે મનપાના અધિકારીઓએ તાત્કાલિક તપાસ કરી ગંદુ પાણી છોડતી સોસાયટીઓ સામે કાયદેસર કાર્યવાહી કરી કુદરતી કાંસને ફરી ચોખ્ખી બનાવવા નક્કર પગલાં લેવાની તાતી જરૂર છે.

## વાપીમાં બંધ સ્ટ્રીટ લાઈટનું રિપેરિંગ કામ શરુ

### સ્ટ્રીટલાઈટના પોલની બાજુમાંથી ડાળખી અને વેલાઓ દુર કરવાની કામગીરી હાથ ધરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો ઉપર લાંબા સમયથી બંધ થઈ ગયેલી સ્ટ્રીટ લાઈટોના રિપેરિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે જ ચોમાસાની સિઝન દરમિયાન સ્ટ્રીટ લાઈટના પોલની આજુબાજુમાં વધી ગયેલી ઝાડની ડાળખીઓ અને વેલાઓને દૂર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. વાપી મહાનગરપાલિકાના લાઈટ એન્ડ ફાયર વિભાગ દ્વારા છેલ્લા ચાર દિવસથી શહેરના વિવિધ વિસ્તારોમાં આ કામગીરી ચાલી રહી છે. અનેક સ્થળોએ સ્ટ્રીટ લાઈટ બંધ હોવા અંગે સ્થાનિક રહેવાસીઓ દ્વારા ઓનલાઈન તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. ઉપરાંત સ્થાનિક સભ્યો દ્વારા પણ સ્ટ્રીટ લાઈટની સમસ્યા અંગે મહાનગરપાલિકાને રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતોને ધ્યાને લઈ વિભાગ દ્વારા સ્થળ તપાસ કરી બંધ સ્ટ્રીટ લાઈટોને કાર્યરત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. સાથે સ્ટ્રીટ લાઈટના પોલને અડીને વધી ગયેલી ઝાડની ડાળખીઓ અને વેલાઓ દૂર કરાતા પ્રકાશમાં અવરોધ પણ દૂર થશે. આ કામગીરીથી રાત્રિના સમયે મુખ્ય તેમજ આંતરિક માર્ગો ઉપર પ્રકાશ વ્યવસ્થા વધુ સુચારુ બનવાની સાથે વાહનચાલકો અને રાહદારીઓને પણ રાહત મળશે. આ તમામ સ્ટ્રીટ લાઈટોનું રીપેરીંગ કામ થઈ ગયા બાદ લોકોને પડતી મુશ્કેલીઓ પણ દૂર થશે.

## છીરીના ગાલા મસાલામાં ધમધમતી ભંગારની ગોડાઉનો જીવતાં બોમ્બ જેવી

### મનપા અને જીઆઈડીસી તંત્ર સમયસર નહીં જાગે તો કોઈ દિવસ મોટી દુર્ઘટના સર્જાવાની સંભાવના નકારી શકાય તેમ નથી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી મહાનગર પાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પ્રથમ કમિશનર યોગેશ ચૌધરીએ તેમના લગભગ એક વર્ષના કાર્યકાળ દરમિયાન કડક કાર્યવાહી કરી હતી. તેમણે સલવાવ, બલીઠા, ડુંગરા, ડુંગરી ફળિયા, કરવડ, છીરી, ગાળા મસાલા જેવા વિસ્તારોમાંથી મોટાભાગની ગેરકાયદે ભંગારની ગોડાઉનો દૂર કરવામાં સફળતા મેળવી હતી.

જોકે, તેમની બદલી બાદ ફરી એકવાર કેટલાક વિસ્તારોમાં ગેરકાયદે ભંગારની ગોડાઉનો બેફામ રીતે ઊભી થઈ ગઈ છે. જેમાં સૌથી સંવેદનશીલ એવો છીરી ગાળા મસાલા વિસ્તાર ચિંતાનો વિષય બન્યો છે. આ વિસ્તાર વાપી GIDC ના કેમિકલ ઉદ્યોગોને અડીને આવેલો છે. અહીં રોડને અડીને અસંખ્ય ભંગારની ગોડાઉનો ધમધમી રહી છે, જેમાં અત્યંત જ્વલનશીલ કેમિકલ વેસ્ટ, પ્લાસ્ટિક, કાપડ અને અન્ય ભંગારનો મોટા પ્રમાણમાં સંગ્રહ કરવામાં આવ્યો છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ અહીં અવારનવાર નાની-મોટી આગની ઘટનાઓ બનતી રહે છે, જેને ફાયર વિભાગ કાબુમાં લઈ લે છે. પરંતુ આ ગોડાઉનોની વચ્ચે જ ગીચ રહેણાંક વિસ્તાર પણ આવેલો હોવાથી કોઈ દિવસ મોટી જીવલેણ દુર્ઘટના સર્જાય તેવી ભીતિ નકારી શકાય તેમ નથી. આખો વિસ્તાર જાણે જીવતા બોમ્બ પર બેઠો હોય તેવી સ્થિતિ છે. અહીં કેટલોક ભાગ એવો છે કે જ્યાં આગ બુઝાવવા બંબા પહોંચી શકે તેમ નથી.

વાપી મહાનગર પાલિકા તંત્ર અને GIDC તંત્ર આ ગેરકાયદે ગોડાઉનો સામે આંખ આડા કાન કરી રહ્યું હોવાનો સ્થાનિકોમાં આક્ષેપ છે.

તંત્ર દ્વારા તાત્કાલિક સર્વે કરી આ જીવલેણ ભંગારની ગોડાઉનો દૂર કરવા નક્કર કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

## વાપીના વિદ્યાર્થીઓને આંતર રાષ્ટ્રીય ગ્રેપલિંગમાં બ્રોન્ઝ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની વિદ્યાર્થીઓએ તારીખ ૧૯/૦૯/૨૦૨૬ થી ૨૦/૦૯/૨૦૨૬ ના રોજ યોજાયેલ તુર્કી મુકામે ગ્રેપલિંગ ચેમ્પિયનશિપમાં કરીના કોલતે (એસ.વાય.બી.કોમ) ૬૪ કિ.ગ્રા માં આંતરરાષ્ટ્રીય કક્ષાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. અને વિશેષ પાંડે (એસ.વાય.બી.સી.એ.) ૬૨ કિ.ગ્રા. કેટેગરીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધો હતો. આ બંને વિદ્યાર્થીઓએ ભારત દેશનું, ગુજરાત રાજ્યનું તેમજ વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે.

આ બંને વિદ્યાર્થીઓને ગ્રેપલિંગ ગુજરાત એસોસિએશન તેમજ રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજીસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ, મેનેજમેન્ટ કોલેજના ડીન ડૉ. કેદાર શુક્લા, પ્રિન્સીપાલ (ફાર્મસી કોલેજના ડીન) ડૉ.અરિન્દમ પોલ, શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ.દિલીપ ઘોલપ, કોચ રાજપાલ શર્મા તેમજ ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## વાપી મનપા વિસ્તારમાં ઓકટોબરથી બાકી ઘરવેરાની રકમ ઉપર વ્યાજ લાગશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં ઓક્ટોબર માસથી બાકી ઘરવેરાની રકમ ઉપર નિયમોનુસાર વ્યાજ લાગવાનું શરૂ થનાર હોવાથી મિલકતધારકોને પોતાનો વર્ષ ૨૦૨૬-૨૭ સુધીનો બાકી વેરો ભરી દેવા ઘરવેરા વિભાગની યાદીમાં જણાવાયું છે. ગત જૂન માસમાં મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા ગામ વિસ્તારો સહિત તમામ મિલકતધારકોને ૫ ટકા રિબેટ યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો. હવે નિયમ મુજબ ઓક્ટોબર માસથી ચાલુ વર્ષના બાકી વેરાની રકમ ઉપર દર મહિને ૧% વ્યાજ લાગવાનું શરૂ થશે. આ વ્યાજનો દર વધતા-વધતા માર્ચ-૨૬ સુધીમાં દુ સુધી પહોંચી જશે અને ત્યારબાદ તમામ પ્રકારની બાકી રકમ પર ૧૨% ના દરે વ્યાજ વસૂલવામાં આવશે. ખાસ કરીને જે મિલકતધારકો છેલ્લા બે વર્ષ કે તેથી વધુ સમયથી પોતાનો વેરો ભરવામાં અનિયમિત કે બેદરકાર રહ્યા છે તેમને ઓક્ટોબર માસથી વિશેષ નોટિસો આપવામાં આવશે. અને નોટિસ ફી પણ વસૂલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વ્યાજ અને નોટિસ દંડની કાર્યવાહીથી બચવા માટે જાગૃત નાગરિકો આગળ આવી રહ્યા છે. સપ્ટેમ્બર માસ દરમિયાન અત્યાર સુધીમાં ૩૦૦૦ થી વધુ મિલકતધારકો દ્વારા કુલ રૂ.૧.૪૯ કરોડનો વેરો ભરી દેવામાં આવ્યો છે. જે નાગરિકોને હજુ પણ વેરો ભરવાના બાકી છે તેઓએ આ તક ઝડપી લેવી અનિવાર્ય છે. મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન પેમેન્ટ સુવિધાને વધુ સરળ બનાવી દેવાઈ છે. હાલ વેબસાઈટ vapicity.in તથા વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન એપ દ્વારા ઓનલાઈન ટેક્ષ ભરવાની સગવડ ઉપલબ્ધ છે. ઘરબેઠા ઓનલાઈન પ્રોપર્ટી ટેક્ષ ભરનાર મિલકતધારકોને ૧ ટકા વધારાનું રિબેટ આપવાની પ્રોત્સાહક યોજના પણ કાર્યરત છે, જેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

## વાપી મનપા કમિશ્નર દ્વારા વિવિધ વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી ના અધ્યક્ષસ્થાને મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મહાનગરપાલિકા હસ્તકના વિવિધ વિભાગોમાં ચાલી રહેલી વિકાસલક્ષી કામગીરી તેમજ અન્ય મહત્વપૂર્ણ કામોની પ્રગતિ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કમિશનરે સંબંધિત અધિકારીઓ પાસેથી ચાલી રહેલા વિવિધ કામોની પ્રગતિ, કામગીરીની સ્થિતિ તેમજ આગામી આયોજન અંગે વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે વિકાસલક્ષી કામો ગુણવત્તાસભર રીતે અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપી હતી.આ ઉપરાંત આગામી દિવસોમાં હાથ ધરાનારી કામગીરી અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નાગરિકોને મહાનગરપાલિકાની સેવાઓનો વધુ ઝડપી અને અસરકારક લાભ મળી રહે તેમજ કામગીરીમાં સુવ્યવસ્થા અને પારદર્શિતા જળવાઈ રહે તે અંગે પણ જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

સમીક્ષા બેઠકમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર કિરણસિંહ રાણા તથા વિશાલ પટેલ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


### ૧૫મી પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



ભકિત તમે કરી પૂણ્ય અમો સૌને મળ્યા, સંઘર્ષ તમે કર્યા, સુખ સૌને આપ્યું, કર્મ તમે કર્યા ફળ સૌને આપ્યા, આપવું એ જ આપનો જીવનમંત્ર હતો, આપના આશિર્વાદથી અમો સમૃદ્ધ થયા. પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે એવી અમારી અંતઃકરણપૂર્વક પ્રાર્થના

સ્વ. ગજેન્દ્રભાઈ એમ. જૈન
સ્વ. તા. ૨૪-૯-૧૧

લિ.
પ્રથમ હાર્ડવેર
ચાર રસ્તા, વાપી


### વાપી મનપાના ત્રણ તળાવો-ગાર્ડનને CSR હેઠળ નવજીવન આપવાની કામગીરી પૂરજોશમાં

## ચલા અટલ ઉદ્યાનનું કામ પૂર્ણતાના આરે, નવરાત્રીમાં ખુલ્લું મુકાય તેવી શક્યતા




(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** કોરોના મહામારી દરમિયાન વાપી મનપા વિસ્તારમાં આવેલા લખમદેવ તળાવ, ડુંગરા તળાવ અને ચલા સ્થિત અટલ ઉદ્યાનની નિયમિત જાળવણી ખોરવાતા આ સ્થળો ધીમે ધીમે વેરાન બન્યા હતા. ગાર્ડન અને તળાવની માવજત પાછળનો ખર્ચ પણ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા માટે મોટો પડકાર બન્યો હતો. જેને ધ્યાનમાં રાખી વાપી મહાનગરપાલિકાની વર્તમાન બોડી તથા વહીવટી તંત્ર દ્વારા આ ત્રણેય સ્થળોને ફરીથી લોકઉપયોગી બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

વાપીની જાણીતી મેરી લાઈફ સાયન્સ કંપની દ્વારા CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) હેઠળ આ ત્રણેય સ્થળોના રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં ત્રણેય સ્થળોએ નવીનીકરણની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં ચલા ખાતે આવેલું અટલ ઉદ્યાનનું કામ પૂર્ણતાના આરે પહોંચી ગયું છે.

ચલા અટલ ઉદ્યાનમાં અગાઉ સાઈકલ ટ્રેક, વોટર બોડી, ડેવલપમેન્ટ લેક, લેક ફ્રન્ટ ગેલેરી, જોગિંગ ટ્રેક, બોટિંગ, ચિલ્ડ્રન પ્લે એરિયા, યુટિલિટી એરિયા તેમજ લેન્ડસ્કેપ ગાર્ડન સહિતની વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી. ઉપરાંત ગાર્ડન પરિસરમાં વીજ ઉત્પાદન માટે ખાસ પ્રકારના ચાર જેટલા વીજ ઉત્પાદનના વૃક્ષો પણ બનાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન વાપી નગરપાલિકા કાર્યરત હતી ત્યારે ચલા તળાવના નવીનીકરણ માટે સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગ્રાન્ટમાંથી આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૭-૧૮માં આ સ્થળને વાપીની જનતા માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. શરૂઆતના સમયમાં અહીં દરરોજ મોટી સંખ્યામાં લોકો ફરવા અને વિવિધ સુવિધાઓનો લાભ લેવા આવતા હતા. જોકે, કોરોના મહામારી બાદ ગાર્ડનની નિયમિત જાળવણી અને માવજતનો ખર્ચ પાલિકા માટે પડકારરૂપ બન્યો હતો. પરિણામે તત્કાલીન વહીવટી તંત્ર દ્વારા ગાર્ડનને ખાનગી સંસ્થા મારફતે જાળવણી માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ પર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, અપેક્ષિત રીતે જાળવણી ન થતાં ગાર્ડનની સ્થિતિ કથળતી ગઈ અને લોકોની અવરજવર પણ ઘટી હતી. હવે વાપી નગરપાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતર થયા બાદ આ ત્રણેય સ્થળોને ફરીથી લોકઉપયોગી અને આકર્ષક બનાવવા માટે CSR હેઠળ રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને ચલા અટલ ઉદ્યાનમાં આધુનિક સુવિધાઓ સાથે નવીનીકરણનું કામ અંતિમ તબક્કામાં છે. સ્થાનિક અને મોર્નિંગ અને ઈવનિંગમાં વોકિંગ માટે આવતા લોકોમાં ચર્ચા મુજબ નવરાત્રી દરમિયાન આ ગાર્ડનને ફરીથી લોકો માટે ખુલ્લું મુકવામાં આવે તેવી શક્યતા છે. જો આમ થશે તો લાંબા સમય બાદ ચલા અટલ ઉદ્યાન ફરી એક વખત વાપીની જનતા માટે હરવા-ફરવા, કસરત અને મનોરંજનનું આકર્ષક સ્થળ બની રહેશે.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**